# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૦ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૧૬



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જો ઈસ ભવમેં પુત્ર હૈ વહ અન્ય ભવમેં પિતા હોતા હૈ. જો ઈસ ભવમેં માતા હૈ વહ અન્ય ભવમેં પુત્રી હોતી હૈ. ઈસ પ્રકાર પુત્ર-માતા-પિતા-બહિન-કન્યા-સ્ત્રી ઈનમેં પરસ્પરસે પરસ્પરકી ઉત્પત્તિ દેખી જાતી હૈ. જ્યાદા ક્યા કહેં, યહ જીવ મરકર સ્વયં અપના પુત્ર ઉત્પન્ન હો જાતા હૈ. ઈસ પ્રકાર ઈન સંસારી જીવોંકી સદા દુઃખમય ઈસ સંસાર-પરંપરાકો ધિક્કાર હૈ. ૧૫૩૨.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૨૫૮)

● જબ યહ મરણકે સન્મુખ હોતા હુઆ જીવ ઈસ શરીરકો છોડકર દૂસરેમેં જાતા હૈ તબ જિનેન્દ્રકથિત ધર્મકો છોડકર કોઈ દૂસરા રક્ષક નહીં હૈ. ૧૫૩૪.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૬૫)

● ચિદાનંદ ! તમે ઈન્દ્રિયરૂપ પાંચ ચોરને પોષો છો, અને જાણો છો કે આ અમને સુખ આપે છે, (પણ) તે તો અંતરના ગુણરત્નને ચોરી લે છે, તેની તમને ખબર નથી. હવે તમે જ્ઞાનખડગ સંભાળો, ચોરોને એવા રોકો કે ફરી બળ ન પકડે. વિષયકષાય જીતી નિજરીતીના રાહમાં આવો, અને તમે શિવપુરીને પહોંચી રાજ્ય કરો. તમે રાજા, દર્શન જ્ઞાન વજીર—રાજ્યના સ્થંભ, ગુણ એ વસ્તિ, અનંતશક્તિ રાજધાનીનો વિલાસ કરો. અભેદ રાજ્ય રાજવું તમારું પદ છે. અચેતન, અપાવન, અસ્થિરથી શું સ્નેહ કરો છો ? ૧૫૩૫.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું—૪૧)

● ચિત્તમાં પૂર્વના કરોડો ભવોમાં સંચિત થયેલી પાપકર્મરૂપી ધૂળના સંબંધથી પ્રગટ થતાં મિથ્યાત્વ આદિરૂપ મળને નષ્ટ કરનાર જે વિવેકબુદ્ધિ ઉત્પન્ન થાય છે તે જ વાસ્તવમાં સજ્જન પુરુષોનું સ્નાન છે. તેનાથી ભિન્ન જે જળકૃત સ્નાન છે તે પ્રાણી સમૂહને પીડાજનક હોવાથી પાપ ઉત્પન્ન કરનાર છે. તેનાથી ન તો ધર્મ સંભવે છે અને ન સ્વભાવથી અપવિત્ર શરીરની પવિત્રતા પણ સંભવે છે. ૧૫૩૬.　　(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સ્નાનાષ્ટક, શ્લોક-૩)


● રાગદ્વેષ યુક્ત ભાવોથી કરેલી પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંને બંધનનું કારણ થાય છે, ત્યારે તત્ત્વજ્ઞાનપૂર્વક કરેલી પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંને નિર્જરા તથા મોક્ષનું કારણ થાય છે. ૧૫૩૭.　　(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૮૦)

❀

વર્ષ–૧૦
અંક–૬




વિ. સંવત
૨૦૭૧
February
A.D. 2016



# આચાર્યદેવ અપ્રતિબુદ્ધને પ્રતિબોધે છે




(શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીનાં સોળમી વખતના પ્રવચન)

**(એવું ભેદજ્ઞાન કરાવે છે કે જે ભેદજ્ઞાન કરતાંવેંત જીવ આનંદિત થાય)**

અપ્રતિબુદ્ધ કોણ છે ?

જે અજ્ઞાની, જીવ અને શરીરને એક માને છે, રાગ અને જ્ઞાનને એકપણે અનુભવે છે, શરીરથી ને રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્માનો બોધ કરતો નથી, તે અપ્રતિબુદ્ધ છે.

અહીં આચાર્યદેવ કોને સમજાવે છે ?

અહીં એવા અપ્રતિબુદ્ધ—અજ્ઞાનીને આચાર્યદેવ ભિન્ન આત્માનું સ્વરૂપ સમજાવે છે. અરે ભાઈ! આત્મા તો ઉપયોગસ્વરૂપ છે, સર્વજ્ઞ ભગવાને કેવળજ્ઞાનમાં તો ઉપયોગસ્વરૂપ જીવ જોયો છે, જીવ ઉપયોગસ્વરૂપ છે, તે કાંઈ જડરૂપ કે રાગરૂપ નથી. અહો, આવો ઉપયોગસ્વરૂપ આત્મા, તેને તમે ઓળખો, અને પુદ્ગલબુદ્ધિ છોડો.

ચૈતન્યભાવમાં રહેલો આત્મા પોતે પોતાને ભૂલીને, રાગાદિ પરભાવોને—દુર્ભાવોને પોતાનું સ્વરૂપ માનીને તેમાં એકાગ્ર થયો છે, તે દુરાત્મા છે. પોતાના સ્વભાવરૂપ 'ભાવ-નગર'નો રહેવાસી દુર્ભાવનગરીમાં ચાલ્યો ગયો, રાગાદિ દુર્ભાવોને

> **સપ્રદેશ અર્થોથી સમાપ્ત સમગ્ર લોક સુનિત્ય છે;**
> **તસુ જાણનારો જીવ, પ્રાણચતુષ્કથી સંયુક્ત જે. ૧૪૫. –શ્રી પ્રવચનસાર**

જ તે અનુભવે છે. એવા અવિવેકી દુરાત્માને (આત્માથી જે દૂર છે એવા દુરાત્માને, અથવા રાગાદિ દુર્ભાવરૂપે જ જે પોતાને અનુભવે છે એવા દુરાત્માને) સમજાવે છે કે અરે દુરાત્મા! તું ઉપયોગસ્વરૂપ પોતાને જડ સાથે એકમેક કેમ માને છે? જેમ પશુઓ લાડવા અને ઘાસ વચ્ચે વિવેક વગર બંનેને ભેળસેળ કરીને ખાય છે તેમ તું ઉપયોગને અને રાગને એકમેકપણે અનુભવી રહ્યો છે—તે અવિવેક છે; આવા અવિવેકને તું છોડ રે છોડ! ભગવાન સર્વજ્ઞદેવે જોયેલો જીવ તો સદા ઉપયોગસ્વરૂપ છે; ઉપયોગને જીવનું લક્ષણ ભગવાને કહ્યું છે, પણ કાંઈ રાગલક્ષણવાળો કે દેહવાળો જીવ ભગવાને કહ્યો નથી. અરે! ભગવાને કહેલા જીવને તું ઓળખતો નથી, ને પુદ્‌ગલને જ તું જીવ માની રહ્યો છે, તે મોટો અવિવેક છે; તેમાં આત્માની હિંસા છે, દુર્બુદ્ધિ છે; તેને તું હવે છોડી દે. અજ્ઞાનથી અત્યારસુધીનો કાળ તો જડ-ચેતનની એકત્વબુદ્ધિમાં વીત્યો, પણ હવે અમે બંનેનું ભેદજ્ઞાન કરાવ્યું તે સમજીને તું પ્રતિબુદ્ધ થા, ને બંનેની એકત્વબુદ્ધિ છોડ.

આત્મા ઉપયોગસ્વરૂપે નિત્ય રહેનાર છે; પણ રાગ કાંઈ નિત્ય રહેનાર નથી, ઉપયોગથી તેની જાત જુદી છે જેમ મીઠું ઓગળીને ખારા પાણીરૂપે થાય છે, તેમ ઉપયોગ ઓગળીને કદી રાગરૂપ કે જડરૂપ થઈ જતો નથી. ઉપયોગ તો સદાય ઉપયોગરૂપે જ રહે છે.

પ્રવાહીપણાને અને ખારાપણાને વિરોધ નથી, બંને એકપણે સાથે રહી શકે છે, પણ તેની જેમ ઉપયોગ અને જડ બંને સાથે એકપણે રહી શકતા નથી, તેમને તો એકપણે રહેવામાં વિરોધ છે. આત્મા તો ઉપયોગરૂપ છે, ને શરીર-રાગાદિ તો અનુપયોગરૂપ છે, આત્માનો ઉપયોગ ઓગળીને કદી જડ કે રાગ સાથે તન્મય થાય નહીં. માટે પુદ્‌ગલને અને જીવને એકપણે અનુભવવો તે મિથ્યા છે. જડ ને ચેતન કદી પણ એક થઈ શકે નહિ, તેથી તું સર્વપ્રકારે પ્રસન્ન થા, ચિત્તને ઊજળું કરીને સાવધાનપણે સ્વદ્રવ્યને પોતાપણે અનુભવમાં લે. આવું ભેદજ્ઞાન કરતાવેંત આત્મા આનંદરૂપ–પ્રસન્નરૂપ થશે. દેહબુદ્ધિમાં દુઃખ છે, દેહથી ભિન્ન ઉપયોગસ્વરૂપ હું છું–એવી આત્મબુદ્ધિમાં સુખ છે.

અરે, દેહ ને જીવ સદાય પોતપોતાના લક્ષણે જુદા જ છે તેને જુદા જાણતો નથી ને એક માને છે; એક માને તોપણ તે બંનેને એકપણું કદી થઈ ગયું નથી. ભાઈ! જુદા છે તેને જુદા જાણ–તો તને તારા સ્વદ્રવ્યની પ્રાપ્તિથી આનંદ થશે–પ્રસન્નતા થશે.

**ઇન્દ્રિયપ્રાણ, તથા વળી બળપ્રાણ, આયુપ્રાણ ને**
**વળી પ્રાણ શ્વાસોચ્છ્‌વાસ—એ સૌ, જીવ કેરા પ્રાણ છે. ૧૪૬. –શ્રી પ્રવચનસાર**

જગતમાં ચેતન ને જડ ભલે એક સાથે હોય, પણ તે બંને એક થઈ જતા નથી, પોતપોતાનું સ્વરૂપ છોડતા નથી; પોતપોતાના સ્વરૂપે જ રહ્યા છે. એક કાળે કે એક ક્ષેત્રે ભલે હો, પણ સ્વરૂપે એક નથી. નિજનિજલક્ષણે બંને જુદે જુદાં જ રહ્યાં છે, તારો ભાગ જુદો, ને જડનો ભાગ જુદો; ઉપયોગ તે તારો ભાગ છે, ને જડ તે પુદ્‌ગલનો ભાગ છે–એમ તારો ભાગ જુદો લઈને તું ખુશી થા! તારો ભાગ કોઈ લૂટી ગયું નથી, એવો ને એવો જુદો જ તારો ભાગ છે. પુદ્‌ગલના ભાગનો ધણી થવા જઈશ તો દુઃખી થઈશ. એનાથી ભિન્ન ઉપયોગરૂપ તારો ભાગ છે તેને જ અનુભવમાં લે. તેના અનુભવથી તને આનંદ થશે.

જડ વડે તારું અસ્તિત્વ જરાય દુભાયું નથી, દબાયું નથી, જડથી જુદું એવું ને એવું તારું અસ્તિત્વ અનાદિથી છે; માટે ઉલ્લસિત થઈને તારા સ્વદ્રવ્યને દેખ. પુદ્‌ગલ કે રાગાદિ તારા ઉપયોગસ્વરૂપમાં ઘૂસી ગયા નથી, બહાર જ રહ્યા છે, માટે આવા ઉપયોગસ્વરૂપને અનુભવમાં લઈને આનંદિત થાય. જેમ ઘણા કાળથી ખોવાઈ ગયેલી વસ્તુ ઘરમાં જડે ને આનંદિત થાય, તેમ અનાદિથી ભૂલાયેલો, જડ સાથે એકત્વબુદ્ધિથી ખોવાયેલો તારો આત્મા તને તારામાં જડથી જુદો બતાવ્યો, તો હવે એવી ને એવી તારી સ્વવસ્તુને પામીને તું આનંદિત થા. (ક્રમશઃ)

(અનુસંધાન પેજ નં. ૨૪ થી ચાલુ)

ધ્યાન કરતાં પ્રથમ ચૈતન્ય તરફનો વિકલ્પ આવે છે, તે નિર્વિકલ્પ ધ્યાનનું સાધન છે–એ વાત પણ યથાર્થ નથી. વિકલ્પ તે તો બંધભાવ છે અને નિર્વિકલ્પપણું તે શુદ્ધ ભાવ છે. પહેલાં અનિહતવૃત્તિએ (–ભાવના વગર, ઈચ્છા વગર) વિકલ્પ આવે છે, પરંતુ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી તે વિકલ્પને મોક્ષમાર્ગ તરીકે સ્વીકારતી નથી પણ તેને બંધમાર્ગ તરીકે જાણીને છોડી દે છે. આ રીતે વિકલ્પને છોડીને જ્ઞાન રહી જાય છે. આવું વિકલ્પને પણ જાણી લેનારું ને જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થનારું જ્ઞાન તે જ મોક્ષનું સાધન છે. પરંતુ કોઈ વિકલ્પ તે મોક્ષનું સાધન નથી. જેઓ શુભવિકલ્પોને મોક્ષના સાધન તરીકે સ્વીકારે છે તેઓને 'ભગવતી પ્રજ્ઞા' પ્રગટી નથી તેથી તેઓ બંધભાવ અને મોક્ષભાવને જુદા જુદા ઓળખતા નથી, અને અજ્ઞાનને લીધે બંધભાવને જ આત્માપણે અંગીકાર કરીને તેઓ નિરંતર બંધાય જ છે. જ્યારે જ્ઞાનીને તો આત્મા અને બંધભાવનું બરાબર ભેદજ્ઞાન હોવાથી મોક્ષમાર્ગમાં વચ્ચે આવી પડતા બંધભાવોને બંધ તરીકે નિઃશંકપણે જાણીને તેને છોડતા જાય છે અને જ્ઞાનમાં એકાગ્ર થાય છે તેથી જ્ઞાની ક્ષણે ક્ષણે બંધભાવોથી મુકાય છે. (ક્રમશઃ) ❊




# જ્ઞાનના ભેદ



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)
(તા. ૧-૫-૪૪, સોમવાર) વ્યાખ્યાન નં. ૧૨
(ગાથા ૧૧-૧૨ ચાલુ)

આત્મા જ્ઞાનસ્વરૂપી છે, જ્ઞાનનું વર્ણન ચાલે છે. જ્ઞાન ગુણ ત્રિકાળ છે તેને શરીરાદિ કોઈ પર પદાર્થ સાથે સંબંધ નથી. પુણ્ય-પાપના વિકારભાવ થાય તેને માત્ર જાણવાનો આત્માનો ધર્મ છે. ''આત્મામાં પુણ્ય-પાપ થાય તે મારું સ્વરૂપ નહિ, હું તો શુદ્ધ પવિત્ર જ્ઞાતા છું'' એવું જે સાચું જ્ઞાન થાય છે તેના ચાર પ્રકાર છે—મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય. (આ ચારે જ્ઞાનને 'શુદ્ધાશુદ્ધ' જ્ઞાનના ભેદો તરીકે ગણ્યા છે, કેવળજ્ઞાન સંપૂર્ણ પ્રત્યક્ષ શુદ્ધજ્ઞાન છે તેથી તેને આ ચાર ભેદો સાથે લીધું નથી.) ''પુણ્યપાપ તે જ હું'' એવી ઊંધી માન્યતાવાળા કુજ્ઞાનના ત્રણ ભેદ છે—કુમતિ, કુશ્રુત અને વિભંગ અવધિ.

જ્ઞાનનું વર્ણન કરતાં આચાર્યદેવ પ્રથમ સામાન્ય જ્ઞાનને કહીને પછી વિશેષ અવસ્થાને વર્ણવશે. સહજજ્ઞાન તે સ્વરૂપપ્રત્યક્ષ અને કેવળજ્ઞાન તે સંપૂર્ણપ્રત્યક્ષ એ બંનેને સ્વભાવજ્ઞાન તરીકે કહેશે. આચાર્યદેવની ઘટના બહુ ઊંડી છે, અંતરની જ વાત મૂકી છે. ત્રિકાળ એકરૂપ સ્વરૂપપ્રત્યક્ષ સામાન્યની વાત ઘણી સુંદર રીતે કરી છે. કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ, અવધિ-મનઃપર્યયજ્ઞાન વિકલપ્રત્યક્ષ અને મતિ-શ્રુતજ્ઞાન નિશ્ચયથી પરોક્ષ તથા વ્યવહારે પ્રત્યક્ષ એમ વર્ણન કરશે. જ્ઞાનઉપયોગની કુલ આઠ અવસ્થા, તેમાં આત્માના ભાન પછી કેવળજ્ઞાન તે પૂર્ણદશા, મતિ આદિ ચાર અપૂર્ણદશા છે અને અજ્ઞાનીને કુમતિ આદિ ત્રણ ઊંધી દશા છે. આ રીતે, આત્મા ત્રિકાળ વસ્તુ છે, તેનો જ્ઞાનગુણ ત્રિકાળ છે અને તેની પાંચ સમ્યગ્જ્ઞાનરૂપ તથા ત્રણ મિથ્યાજ્ઞાનરૂપ અવસ્થા છે—એ કથન કર્યું.

### હવે સ્વરૂપપ્રત્યક્ષ સામાન્યજ્ઞાનની વાત કરે છે.

આત્મસ્વરૂપનું જ્ઞાન સહજ ત્રિકાળી અંતરંગતત્ત્વ તે પોતામાં વ્યાપક ત્રિકાળ સ્વરૂપપ્રત્યક્ષ છે. આ સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન તત્ત્વરૂપ વ્યાપક ત્રિકાળ એકરૂપ ધ્રુવ છે.

**જે ચાર પ્રાણે જીવતો પૂર્વે, જીવે છે, જીવશે,**
**તે જીવ છે; પણ પ્રાણ તો પુદ્ગલદરવનિષ્પન્ન છે. ૧૪૭.** **–શ્રી પ્રવચનસાર**

કેવળજ્ઞાન-સાદિ અનંત, અપેક્ષાવાળી પર્યાય છે તે ત્રિકાળી વ્યાપક નથી, પણ સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન અંતરંગતત્ત્વવ્યાપક અનાદિ અનંત ત્રિકાળ છે. સહજ સ્વાભાવિકજ્ઞાન ત્રિકાળી છે, કેવળજ્ઞાન સ્વાભાવિકજ્ઞાનની પર્યાય છે, એ ત્રિકાળી નથી; વળી તે જ્ઞાન નિમિત્તના અભાવની અપેક્ષાવાળું એક સમય પૂરતી અવસ્થાવાળું છે.

સ્વરૂપ સહજજ્ઞાન છે, તે શુદ્ધઅંતરંગતત્ત્વરૂપ પરમ એકરૂપ ત્રિકાળ છે. આત્મા અનાદિ અનંત તેમાં વ્યાપક તે સ્વરૂપપ્રત્યક્ષ ત્રિકાળ છે. કેવળજ્ઞાનાદિ પાંચ જ્ઞાન તે સ્વરૂપપ્રત્યક્ષ સામાન્ય નથી, પણ પર્યાય છે—વિશેષ છે; તથા ઊંધા જ્ઞાનની પણ ત્રણ પર્યાયો છે.

આત્મા ત્રિકાળી વસ્તુ છે, તેમાં તેનું સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન—એકરૂપજ્ઞાન—ધ્રુવપર્યાયરૂપ જ્ઞાન ત્રિકાળ વ્યાપીને દરેક સમયે રહ્યું છે, તે સ્વરૂપપ્રત્યક્ષ છે, અને કેવળજ્ઞાન સંપૂર્ણપ્રત્યક્ષ પર્યાય છે. આત્મામાં જે શ્રદ્ધા અને અનુભવ છે તે તો સાપેક્ષ પર્યાય છે; આત્મા તો ત્રિકાળ નિરાવરણ નિરપેક્ષ છે. કેવળજ્ઞાન કાર્યરૂપ પર્યાય છે, પ્રગટ પર્યાય છે; અને સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન તો ત્રિકાળ—અનાદિ અનંત છે. પર્યાય તો સમયે સમયે બધા ગુણોમાંથી જ આવે છે, પરંતુ અહીં જે ધ્રુવપર્યાયરૂપજ્ઞાન વર્ણવ્યું છે તે અંતરંગતત્ત્વરૂપ એકરૂપ ત્રિકાળ સ્વરૂપપ્રત્યક્ષ છે, અને કેવળજ્ઞાન સંપૂર્ણપ્રત્યક્ષ પર્યાય છે. સંપૂર્ણપ્રત્યક્ષ એટલે સ્વને અને પરને પરિપૂર્ણ જાણે તે; અને સ્વરૂપ પ્રત્યક્ષ તે પોતાના સ્વરૂપમાં એકરૂપ ધ્રુવરૂપ પ્રત્યક્ષ છે. પહેલાં સામાન્ય બતાવીને પછી વિશેષ કહેશે.

દયા-દાનાદિ પુણ્ય અને હિંસા-ચોરી આદિ પાપભાવથી જુદા આત્માના સ્વરૂપનું ભાન થતાં અને નિર્મળતા વધતાં કેવળજ્ઞાન થાય છે, અને પુણ્ય-પાપ મારાં એવી ઊંધી માન્યતા થતા ઊંધી પર્યાય થાય છે; તે બન્ને ક્ષણિક પર્યાય છે, પણ અંતરંગમાં વ્યાપક જે એકરૂપ ધ્રુવરૂપ ત્રિકાળ સહજજ્ઞાન છે તે સ્વરૂપપ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન તો સકલપ્રત્યક્ષ (પર્યાય) છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવે આ સ્વરૂપ સમજાવતાં અધ્યાત્મનું એકલું અમૃત જ રેડ્યું છે.

અંતરંગતત્ત્વરૂપ સહજજ્ઞાન એકરૂપ વર્તે છે. નિગોદમાં પણ ત્રિકાળ એકરૂપ વર્તે છે. કેવળજ્ઞાન પ્રગટ હો કે ન હો, પણ તે (સહજજ્ઞાન) તો એકરૂપ સ્વરૂપપ્રત્યક્ષ બધા

મોહાદિકર્મનિબંધથી સંબંધ પામી પ્રાણનો,
જીવ કર્મફળ-ઉપભોગ કરતાં, બંધ પામે કર્મનો. ૧૪૮. —શ્રી પ્રવચનસાર

જીવોને છે. અનુભવ પ્રગટ થાય તે પર્યાયનો હોય છે. આચાર્ય ભગવાન પહેલાં સ્વરૂપપ્રત્યક્ષ સામાન્ય સ્થાપીને પછી વિશેષ કહે છે.

વાસ્તવિક આત્મા વસ્તુ શું છે તેના ભાન વિના અને જ્ઞાન વિના જીવને તેનું માહાત્મ્ય આવતું નથી. સ્વરૂપપ્રત્યક્ષનું સ્વરૂપ સમયસાર કરતાં નિયમસારમાં ખુલ્લે ખુલ્લું આચાર્યદેવે મૂક્યું છે. (૯૦ મી ગાથામાં) સમયસારમાં તે ગૂઢ મૂક્યું છે.

આત્મા વસ્તુ છે, તેનો જ્ઞાનગુણ અનાદિ અનંત છે. તેમાં આત્માના સ્વરૂપને ભૂલીને પુણ્ય-પાપને પોતાના માને તે અજ્ઞાન છે, અજ્ઞાનની ત્રણ અવસ્થા છે, અને આત્માના જ્ઞાનસ્વરૂપનું ભાન થયા પછી સમ્યગ્જ્ઞાનની પાંચ અવસ્થા છે, તે કહેતાં પહેલાં અહીં શુદ્ધ અંતરંગતત્ત્વરૂપ એકરૂપ અભેદજ્ઞાન વર્ણવ્યું છે. તે જ્ઞાન પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી એકરૂપ ધ્રુવરૂપ ત્રિકાળ સ્વરૂપપ્રત્યક્ષ છે. મતિ, શ્રુત, અવધિ કે મનઃપર્યય તે સંપૂર્ણ પ્રત્યક્ષ નથી, કેવળજ્ઞાન સંપૂર્ણ પ્રત્યક્ષ છે, તે સાદિ-અનંત છે, અને સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન એકરૂપ ધ્રુવ અનાદિ અનંત પ્રત્યક્ષ છે, તેમાંથી કેવળજ્ઞાન આદિ કાર્યપર્યાય પ્રગટે છે.

આગળ દસમી ગાથામાં જે ઉપયોગરૂપ જ્ઞાન કહ્યું છે તેને અહીં 'પ્રત્યક્ષ' વિશેષણ લગાડીને તેનું સ્વરૂપ વિશેષપણે જાહેર કર્યું છે.

સહજ અંતરંગ જ્ઞાનસ્વરૂપ ધ્રુવ ત્રિકાળ પ્રત્યક્ષ છે. આત્મદ્રવ્યનો ધ્રુવવેપારરૂપ ઉપયોગ તે સ્વરૂપપ્રત્યક્ષ છે, તે નિશ્ચયપ્રત્યક્ષ છે. જો તે ત્રિકાળ નિશ્ચયપ્રત્યક્ષ-સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન ન હોય તો વ્યવહારપ્રત્યક્ષ મતિ-શ્રુત આદિ જ્ઞાન પ્રગટ થાય નહીં. સકલપ્રત્યક્ષ (કેવળજ્ઞાન) તે સાદિ અનંત એકરૂપ એક સમય પૂરતી પર્યાય છે. સ્વરૂપપ્રત્યક્ષ તે ધ્રુવપર્યાય ત્રિકાળ અનાદિ અનંત છે. અહીં આચાર્ય મહારાજે પર્યાયમાં પણ ફેર પાડ્યો. સ્વરૂપ પ્રત્યક્ષ સામાન્ય જ્ઞાનની વાત કરી. હવે જ્ઞાનની અપેક્ષાવાળી વિશેષ પર્યાયની વાત કરે છે. (ક્રમશઃ) ❋

---

આત્મા જિનેન્દ્ર અને સિદ્ધ ભગવાન સમાન શુદ્ધ છે. એ પ્રમાણે ઓળખાણપૂર્વક પ્રતિદિન પોતાના આત્માનું ધ્યાન કરવું તે સિદ્ધ ભક્તિ છે, તથા તે જ નિશ્ચય રત્નત્રય છે અને તે મુક્તિનું કારણ છે.

–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**જીવ મોહ-દ્વેષ વડે કરે બાધા જીવોના પ્રાણને,**
**તો બંધ જ્ઞાનાવરણ-આદિક કર્મનો તે થાય છે. ૧૪૯. –શ્રી પ્રવચનસાર**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

જેને મનમાં ચિંતા હોય તેને સર્વ સામગ્રી દુઃખરૂપ ભાસે છે. સંયોગમાં સુખ હોય તો તે વખતે ક્યાં ગયું? જ્ઞાનીને સંયોગમાં સુખની બુદ્ધિ છે જ નહિ એટલે તેને સંયોગ તરફની ચિંતા લંબાતી નથી, સ્વભાવની ભાવના છે; સાતમી નારકની પ્રતિકૂળતામાં પડલો સમ્યગ્દષ્ટિ જીવ ત્યાં પણ સ્વભાવની ભાવના ભાવે છે, તેટલા અંશે તે સુખી છે ને અજ્ઞાની જીવ સ્વર્ગમાં પણ વિષયોની ભાવનાથી દુઃખી જ છે.

આત્મસાક્ષાત્કાર માટે રૂવે તો?

—તો તે પણ ચિંતા અને દુઃખ છે. આત્મસાક્ષાત્કારના ઉપાયથી આત્મસાક્ષાત્કાર થાય કે રોવાથી થાય? તેનો જે ઉપાય છે તે સમજે નહિ ને રડે તેથી શું? તે તો એક જાતનું આર્તધ્યાન છે, તે આર્તધ્યાનથી ધર્મ થવાનું માને તો તે મિથ્યાત્વનું પોષણ થાય છે.

સ્ત્રીનો ધણી મરે ત્યાં પાછળ સતી થાય અને એમ માને કે ફરીથી તેનો સંયોગ થાય! પણ તે મૂઢતા છે; સંયોગમાં તેને સુખની બુદ્ધિ છે. અરે! અમે તો આત્મા છીએ, જ્ઞાનસ્વભાવી છીએ–એવો જેને વિશ્વાસ નથી તેને ચિંતા થાય કે અરેરે, મરીને ક્યાં જઈશું? મિથ્યાદૃષ્ટિ દેવ હોય તે મરીને ઢોર થાય, ત્યાં તે ચિંતાથી દુઃખી થાય છે. જેને સ્વભાવનો વિશ્વાસ પ્રગટ કર્યો છે તે ધર્માત્માને એવી ચિંતા થતી નથી કે મારું શું થશે? ધર્મીને ઉત્તમ સ્વર્ગ અને મનુષ્ય સિવાય બીજો અવતાર હોય નહિ.

જીવ સ્વભાવને ભૂલીને વિષયોની ભાવના તરફ પોતાના પરાક્રમને–પુરુષાર્થને વાપરે છે. તેને બદલે જો ચૈતન્યસ્વભાવની રુચિ કરે તો પરાક્રમ ચૈતન્યમાં વળ્યા વિના રહે નહિ. જીવનું પરાક્રમ તો સદા જાગૃત છે. અજ્ઞાનીને ઊંધી દિશામાં પરાક્રમનું વલણ છે ને જ્ઞાનીને સ્વભાવની ભાવનામાં પરાક્રમની જાગૃતિ વર્તે છે, પણ પરાક્રમ તો બન્નેને જાગૃત છે. જો પરાક્રમનો અભાવ થાય તો આત્માનો જ અભાવ થાય. આત્મામાં પરાક્રમ એટલે કે પુરુષાર્થ નામનો સ્વભાવ છે, તે કદી પુરુષાર્થ વગરનો હોય નહિ. જેવી રુચિ કરે તે દિશામાં પુરુષાર્થનું વલણ થાય છે.

**કર્મે મલિન જીવ ત્યાં લગી પ્રાણો ધરે છે ફરી ફરી,**
**મમતા શરીરપ્રધાન વિષયે જ્યાં લગી છોડે નહીં. ૧૫૦.** **–શ્રી પ્રવચનસાર**

देवाणं पि य सुक्खं मणहरविसएहिं कीरदे जदि ही।
विसयवसं जं सुक्खं दुक्खस्स वि कारणं तं पि ॥६१॥

देवानां अपि च सुखं मनोहरविषयैः क्रियते यदि हि।
विषयवशं यत्सुखं दुखस्य अपि कारणं तत् अपि ॥६१॥

**અર્થ :—**દેવોને મનોહર વિષયોથી જો સુખ છે, એમ વિચારવામાં આવે તો તે પ્રગટપણે સુખ નથી. જે વિષયોને આધીન સુખ છે તે દુઃખનું જ કારણ છે (દુઃખ જ છે). ૬૧.

જેને સ્વભાવ આધીન સુખ નથી ને વિષયોની તૃષ્ણાથી દુઃખી છે, તે જીવોને બહારના વિષયો શું કરે ? વિષયો તો અચેતન છે, ભિન્ન છે, તે કાંઈ જીવને સુખ કે દુઃખ કરાવતા નથી. પોતે દુઃખની કલ્પના કરી તો વિષયો શું કરે ? અને પોતે વિષયોમાં સુખની કલ્પના કરી તો ત્યાં પણ વિષયો શું કરે ? પોતે પોતાની કલ્પનામાં સુખ માન્યું છે, તે કલ્પના પોતાની છે, કાંઈ વિષયોએ તે કલ્પના કરાવી નથી. વિષયોમાં જેણે સુખની કલ્પના કરી છે તે જીવ પણ વિષય તૃષ્ણાથી દુઃખી જ છે. સ્વભાવ જ સહજ આનંદનો સાગર છે. તેની ભાવના કરીને જેટલી એકાગ્રતા કરે તેટલું સુખ છે, બહારના સંયોગોમાં જ્ઞાની પોતાનું કારણ કાર્યપણું માનતા નથી. સંયોગમાં જેણે સુખ માન્યું છે, તે માત્ર કલ્પના છે. ચૈતન્ય સ્વભાવ પોતે સુખરૂપ છે તેનો વિશ્વાસ ન કરતાં, અન્ય નિમિત્તોથી સુખ માનવું તે ભ્રમણા છે. કેરી ખાવામાં, પૈસામાં, સ્ત્રી આદિમાં સુખની કલ્પના કરવામાં આવે તે મૂઢતા છે, સુખ પોતામાં છે, તેની રુચિ જેને નથી તે જ પરમાં સુખ માને છે, પોતામાં સુખ અને માને પરમાં—તે માન્યતા મિથ્યા છે, તે સંસારનું કારણ છે.

કૃષ્ણની દેવકી માતાને કૃષ્ણ પહેલાં છ પુત્રો થયા હતા, છએ મહાસુંદર, કલૈયા કુંવર જેવા હતા, છએ મુનિ થયા હતા. સારા દીકરા હોય તેમાં અજ્ઞાની સુખ માને છે; ધર્મી જીવને રાગ આવે, પણ તેમાં તીવ્રતા હોતી નથી, કેમ કે ક્ષણિક રાગની પણ તેને ભાવના નથી ને સંયોગમાં સુખ માન્યું નથી. રાગરહિત ને સંયોગથી ભિન્ન એવા ચિદાનંદ સ્વભાવમાં જ સુખ છે એમ જાણ્યું છે ને તેની જ ભાવના છે. એવા ધર્મી જીવો જ સુખી છે—એ સિવાય બીજા કોઈ જીવો સંસારમાં સુખી નથી. ચૈતન્ય સ્વભાવને ચૂકીને અન્ય નિમિત્તથી જે સુખ માને છે. તે બધા જીવો ભ્રમણાથી દુઃખી જ છે.

**કરી ઇન્દ્રિયાદિક-વિજય, ધ્યાવે આત્મને—ઉપયોગને,**
**તે કર્મથી રંજિત નહીં; ક્યમ પ્રાણ તેને અનુસરે? ૧૫૧.** **–શ્રી પ્રવચનસાર**

અજ્ઞાનીએ પહેલાં જે વસ્તુમાં સુખની કલ્પના કરી, તે જ વસ્તુ કલ્પના કરતાં દુઃખના કારણરૂપ ભાસે છે. ધર્મી તો જાણે છે કે કોઈ સંયોગો મને સુખનું કારણ નથી ને દુઃખનું કારણ પણ નથી. કોઈ પર વસ્તુ મને સુખ-દુઃખનું કારણ નથી. મારો સ્વભાવ જ સુખનું કારણ છે. સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની આ વાત છે.

જે રૂપિયાને પહેલાં સુખનું કારણ માનતો તે જ રૂપિયાને દુઃખનું કારણ માને છે. જે સ્ત્રી આદિમાં સુખ માન્યું હતું તે જ કલ્પના કરતાં અજ્ઞાનીને દુઃખરૂપ ભાસે છે, પણ તે બન્ને ભ્રમણા છે. સુખ-દુઃખ તો મને મારા પરિણામથી જ છે, બહારના કારણથી, મને સુખ-દુઃખ નથી, એમ સમજે તો શુદ્ધ આત્માની રુચિ પ્રગટ્યા વિના રહે નહિ, ને તેની ભાવનાથી દુઃખ ટળીને સુખ પ્રગટે.

જે કલ્પનાથી બહારમાં સુખ કલ્પ્યું તે કલ્પના પણ ક્ષણિક છે, તેમાં સુખ નથી, ને જેમાં સુખ કલ્પ્યું તે સંયોગમાં પણ સુખ નથી, આમ સમજીને ધર્મી જીવ પોતાના સ્વભાવની ભાવના ભાવે છે ને સંયોગમાં સુખની કલ્પના છોડે છે. સંસારની ચારે ગતિનો ભાવ તે દુઃખનો જ દરિયો છે, આખો સંસાર દુઃખનો જ સમુદ્ર છે. સંસારમાં બળદેવ, વાસુદેવ જેવા પણ સુખી નથી ને દેવો પણ સુખી નથી. જુઓને! કૃષ્ણ અને બળભદ્ર જેવા, દ્વારિકાનગરી સળગી ત્યારે, માબાપને પણ તેઓ બહાર ન કાઢી શક્યા! સળગતી નગરીને મૂકીને રોતારોતા બહાર નીકળ્યા.

સંયોગનો ક્ષણમાં વિયોગ થઈ જાય છે. તે કોઈ સંયોગ કે વિયોગમાં જીવને સુખ નથી, પણ સ્વભાવમાં સુખ છે, સંયોગ તરફનું વલણ તે દુઃખ છે ને સ્વભાવ તરફનું વલણ કરવું તે સુખ છે, માટે ધર્મીએ સંયોગની ભાવના ન કરવી પણ સ્વભાવની ભાવના કરવી.　　(ક્રમશઃ) ❊

---

જગત અર્થાત્ જગતના જીવો અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને હવે તો છોડો અને રસિકજનોને રુચિકર, ઉદય થઈ રહેલું જે જ્ઞાન તેને આસ્વાદો, કારણ કે આ લોકમાં આત્મા છે તે ખરેખર કોઈ પ્રકારે અનાત્મા (પરદ્રવ્ય) સાથે કોઈ કાળે પણ તાદાત્મ્યવૃત્તિ (એકપણું) પામતો નથી. કેમ કે આત્મા એક છે તે અન્ય દ્રવ્ય સાથે એકતારૂપ થતો નથી.

–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**અસ્તિત્વનિશ્ચિત અર્થનો કો અન્ય અર્થે ઊપજતો**
**જે અર્થ તે પર્યાય છે, જ્યાં ભેદ સંસ્થાનાદિનો. ૧૫૨.　　–શ્રી પ્રવચનસાર**

# અનેકવિધ પાપોથી બચવા ગૃહસ્થ દાન કરે

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

અહા, જેને સર્વજ્ઞના ધર્મનો મહિમા આવ્યો છે, અંતર્દૃષ્ટિથી આત્માના ધર્મને જે સાધે છે, મહિમાપૂર્વક વીતરાગભાવમાં જે આગળ વધે છે, ને ઘણો રાગ ઘટાડવાથી જેને શ્રાવકપણું થયું છે—એ શ્રાવકના ભાવ કેવા હોય તેની આ વાત છે. સર્વાર્થસિદ્ધિના દેવ કરતાંય જેની પદવી ઊંચી, ને સ્વર્ગના ઈન્દ્ર કરતાંય જેનું આત્મસુખ વધારે—એવી શ્રાવકદશા છે. તે શ્રાવક પણ હંમેશાં દાન કરે છે. એકલા લક્ષ્મીની લોલુપતાના પાપભાવમાં જીવન વીતાવી દ્યે ને આત્માની કાંઈ દરકાર કરે નહિ—એવું જીવન ધર્મીનું કે જિજ્ઞાસુનું હોય નહિ.

ગૃહસ્થને દાનની પ્રધાનતાનો ઉપદેશ આપે છે—

(शार्दूलविक्रीडित)

कृत्वा कार्यशतानि पापबहुलान्याश्रित्य खेदं परं
भ्रान्त्वा वारिधिमेखलां वसुमतीं दुःखेन यच्चार्जितम् ।
तत्पुत्रादपि जीवितादपि धनं प्रेयोऽस्य पन्थाः शुभो
दानं तेन च दियतामिदमहो नान्येन तत्संगतिः ।।१३।।

જીવોને પુત્ર કરતાં અને પોતાના જીવન કરતાં પણ ધન વધારે વહાલું છે; પાપથી ભરેલા સેંકડો અકાર્યો કરીને, સમુદ્ર–પર્વત ને પૃથ્વીમાં ભ્રમણ કરીને, તથા અનેક પ્રકારના કષ્ટથી મહા ખેદ ભોગવીને દુ:ખથી જે ધન પ્રાપ્ત કરે છે તે ધન, જીવોને પુત્ર કરતાં અને જીવન કરતાં પણ વધારે વહાલું છે; આવા ધનને વાપરવાનો શુભ માર્ગ એક દાન જ છે, એના સિવાય ધન ખર્ચવાનો બીજો કોઈ ઉત્તમ માર્ગ નથી. માટે આચાર્યદેવ કહે છે કે અહો, ભવ્ય જીવો ! તમે આવું દાન કરો.

અર્થ :—જે ધન અતિશય ખેદના અનુભવપૂર્વક પાપપ્રચુર સેંકડો ખોટા કાર્યો કરીને તથા સમુદ્રરૂપ મેખલા સહિત અર્થાત્ સમુદ્રપર્યંત પૃથ્વીનું પરિભ્રમણ કરીને ઘણા દુ:ખથી મેળવાય છે તે ધન મનુષ્યને પોતાના પુત્ર અને પ્રાણોથી પણ અધિક પ્યારૂં હોય

**તિર્યંચ, નારક, દેવ, નર—એ નામકર્મોદય વડે**
**છે જીવના પર્યાય, જેહ વિશિષ્ટ સંસ્થાનાદિકે. ૧૫૩.　　　–શ્રી પ્રવચનસાર**

છે તેને ખરચવાનો ઉત્તમ માર્ગ દાન છે. તેથી કષ્ટથી મેળવેલા તે ધનનું દાન કરવું જોઈએ. એનાથી વિપરીત બીજા માર્ગે (દુર્વ્યસનાદિ) અપવ્યય કરવામાં આવે તો તેનો સંયોગ ફરીથી પ્રાપ્ત થઈ શકતો નથી. ૧૩.

જુઓને, અત્યારે તો જીવોને પૈસા કમાવા માટે કેટલા પાપ ને જૂઠાણા કરવા પડે છે! દરિયાપારના દેશમાં જાય, અનેક પ્રકારનાં અપમાન સહન કરે, સરકાર પૈસા લઈ લેશે એમ દિન-રાત ભયભીત રહ્યા કરે,—એમ પૈસા માટે કેટલાં કષ્ટ સહન કરે છે ને કેટલા પાપ કરે છે? એના ખાતર પોતાનું કિંમતી જીવન પણ વેડફી નાંખે છે, પુત્રાદિનો પણ વિયોગ સહન કરે છે,—એ રીતે જીવન કરતાં ને પુત્ર કરતાંય ધનને વહાલું ગણે છે.—તો આચાર્યદેવ કહે છે કે ભાઈ! આવું વહાલું ધન, જેના ખાતર તેં કેટલાં પાપ કર્યાં—તે ધનનો સાચો—ઉત્તમ ઉપયોગ શું? તેનો વિચાર કર. સ્ત્રી-પુત્ર ખાતર કે વિષય-ભોગો ખાતર તું જેટલું ધન ખર્ચીશ, તેમાં તો ઊલટું તને પાપ-બંધન થશે. માટે લક્ષ્મીની સાચી ગતિ તો એ છે કે રાગ ઘટાડીને દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના, પૂજા-ભક્તિ, શાસ્ત્રપ્રચાર, દાન વગેરે ઉત્તમકાર્યોમાં તેનો ઉપયોગ કરવો.

પ્રશ્ન :—દીકરા માટે કાંઈ ન રાખવું?

ઉત્તર :—ભાઈ, જો તારો પુત્ર સુપુત્ર અને પુણ્યવંત હશે તો તે તારા કરતાં સવાયું ધન પ્રાપ્ત કરશે; અને જો તે કપુત્ર હશે તો તારી ભેગી કરેલી બધી લક્ષ્મીને ભોગવિલાસમાં વેડફી નાંખશે, ને તે પાપમાર્ગમાં ઉપયોગ કરીને તારા ધનની ધૂળ કરી નાંખશે;—તો હવે તારે સંચય કોને માટે કરવો છે? પુત્રનું નામ લઈને તારે તારો લોભ પોષવો હોય તો જુદી વાત છે! બાકી તો—

પુત્ર સપૂત તો સંચય શાનો? પુત્ર કપૂત તો સંચય શાનો?

માટે, લોભાદિ પાપના કૂવામાંથી તારા આત્માનું રક્ષણ થાય તેમ કર; લક્ષ્મીના રક્ષણની મમતા છોડ ને દાનાદિ વડે તારી તૃષ્ણા ઘટાડ. વીતરાગી સંતોને તો તારી પાસેથી કાંઈ જોઈતું નથી. પણ જેને તદ્દન રાગ વગરના સ્વભાવની રુચિ જાગી, વીતરાગસ્વભાવ તરફ જેનું પરિણમન વળ્યું તેનો રાગ ઘટ્યા વગર રહે નહીં. કોઈના કહેવાથી નહિ પણ પોતાના સહજ પરિણામથી જ મુમુક્ષુને રાગ ઘટી જાય છે.

**અસ્તિત્વથી નિષ્પન્ન દ્રવ્યસ્વભાવને ત્રિવિકલ્પને**
**જે જાણતો, તે આતમા નહિ મોહ પરદ્રવ્યે લહે. ૧૫૪. –શ્રી પ્રવચનસાર**

આ સંબંધમાં ધર્મી-ગૃહસ્થના કેવા વિચાર હોય તે દર્શાવતાં શ્રી સમન્તભદ્રસ્વામી રત્નકરંડશ્રાવકાચારમાં કહે છે કે—

यदि पापनिरोधोऽन्यसंपदा किं प्रयोजनम् ।
अथ पापास्रवोऽस्त्यन्यसंपदा किं प्रयोजनम् ॥२७॥

જો પાપનો આસ્રવ મને અટકી ગયો છે તો મને મારા સ્વરૂપની સંપદા પ્રાપ્ત થશે, ત્યાં બીજી સંપદાનું મારે શુ કામ છે? અને જો મને પાપનો આસ્રવ થાય છે તો એવી સંપદાથી મને શું લાભ છે? જે સંપદા મેળવતાં પાપ બંધાતુ હોય ને મારા સ્વરૂપની સંપદા લૂંટાતી હોય એવી સંપદા શું કામની?—આમ બંને રીતે સંપદાનું આચરણપણું જાણીને ધર્મી તેનો મોહ છોડે છે. એકલા લક્ષ્મીની લોલુપતાના પાપભાવમાં જીવન વીતાવી દ્યે ને આત્માની કાંઈ દરકાર કરે નહિ—એવું જીવન ધર્મીનું કે જિજ્ઞાસુનું હોય નહિ. અહા! જેને સર્વજ્ઞનો મહિમા આવ્યો છે, અંતર્દૃષ્ટિથી આત્માના સ્વભાવને જે સાધે છે, મહિમાપૂર્વક વીતરાગમાર્ગમાં જે આગળ વધે છે, ને ઘણો રાગ ઘટાડવાથી જેને શ્રાવકપણું થયું છે—એ શ્રાવકના ભાવ કેવા હોય તેની આ વાત છે. સર્વાર્થસિદ્ધિના દેવ કરતાંય જેની પદવી ઊંચી છે, સ્વર્ગના ઇન્દ્ર કરતાં જેનું આત્મસુખ વધારે છે—એવી શ્રાવકદશા છે. સ્વભાવના સામર્થ્યનું જેને ભાન છે, વિભાવની વિપરીતતા સમજે છે અને પરને પૃથક દેખે છે, એવો શ્રાવક રાગના ત્યાગ વડે પોતામાં ક્ષણે ક્ષણે શુદ્ધતાનું દાન કરે છે ને બહારમાં બીજાને પણ રત્નત્રયના નિમિત્તરૂપ શાસ્ત્ર વગેરેનું દાન કરે છે.

આવું મનુષ્યપણું પામીને, આત્માની દરકાર કરીને તેના જ્ઞાનની કિંમત આવવી જોઈએ. શ્રાવકને સ્વાધ્યાય-દાન વગેરે શુભભાવો વિશેષ હોય છે. એને જ્ઞાનનો રસ હોય, પ્રેમ હોય, એટલે હંમેશાં સ્વાધ્યાય કરે; નવા નવા શાસ્ત્રોની સ્વાધ્યાય કરતાં જ્ઞાનની નિર્મળતા વધતી જાય, ને નવા નવા વીતરાગભાવો ખીલતા જાય. અપૂર્વતત્ત્વનું શ્રવણ કે સ્વાધ્યાય કરતાં એને એમ થાય કે અહો, આજે મારો દિવસ સફળ થયો. છ પ્રકારના અંતરંગ તપમાં ધ્યાન પછી બીજો નંબર સ્વાધ્યાયનો કહ્યો છે.

(ક્રમશઃ)

✻

છે આતમા ઉપયોગરૂપ, ઉપયોગ દર્શન-જ્ઞાન છે;
ઉપયોગ એ આત્મા તણો શુભ વા અશુભરૂપ હોય છે. ૧૫૫. —શ્રી પ્રવચનસાર



# મુક્તિમાર્ગનો પથિક જૈની

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

પ્રશ્ન :—આપ કહો તો બે-પાંચ જાતની લીલોતરી છોડી દઈએ, પણ અમને જૈનમાં રાખો?

ઉત્તર :—અરિહંતદેવ અને પરમગુરુને ઓળખે નહિ અને અંતરથી તેમની ભક્તિનો ઉલ્લાસ ન જાગે, તેમને માટે તન-મન-ધન ન લગાવે ત્યાં સુધી તો જૈનપણું વ્યવહારે પણ નથી અને તે પોતાના ભાવરૂપી અનંતી લીલોતરીને ઊંધા ભાવમાં કચરી નાખે છે. આ આત્મા પોતે લીલોછમ આનંદમૂર્તિ વીતરાગસ્વરૂપ છે, તે વીતરાગસ્વરૂપની ભક્તિ ન કરે તો તેમાં આત્માનો આનંદ હણાય છે અને તે જ આત્માના લીલાછમ સ્વરૂપની હિંસા છે. અરે! તું સાચા દેવ-ગુરુને માનતો હો તો તારી પેદાશનો આઠમો-દસમો ભાગ પણ દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના વગેરેમાં કાઢ્યો છે કે નહિ? જે પોતાના ભાવની ક્રિયા પણ સુધારતા નથી તે વીતરાગના ભક્ત નથી.

ધ્યાન રાખજો! આ વાત એકલા પુરુષોને જ લાગુ પડતી નથી, પરંતુ બૈરાંઓને પણ સરખી જ લાગુ પડે છે. બાયડીને દાગીનાં કરાવી દીધા તો તે ઉપર બાયડીનો કાંઈ હક્ક ખરો કે નહીં? બાયડીને કાંઈ દાનાદિકમાં ખર્ચવું હોય તો ખર્ચી શકે કે નહીં? ઘણી સ્ત્રીઓ પાસે મૂડી હોય પણ ખરચવા માટે નહિ, એ મૂડી તો એમ ને એમ પડી રહે અને પોતે ખર્ચ્યા વિના મડદું થઈને ચાલી જાય મસાણમાં, તથા પુરુષ પણ મડદું થઈને જાય મસાણમાં! બંને મસાણમાં જાય અને પૈસા-દાગીનાં બધું પડ્યું રહે તેના ઠેકાણે! પણ ભડના દીકરા જીવતાં કાંઈ ખરચે નહીં.

દેવ-ગુરુ-ધર્મને માટે કાંઈક કરવાની વાત આવે ત્યાં બહાના કાઢે છે, તો આ બંગલા-મોટર વગેરેમાં હજારો રૂપિયા ખરચે છે તે ક્યાંથી લાવ્યો? ધર્મની વાત આવે ત્યાં કહે કે અમારી પાસે આટલું બધું ધન નથી. વાહ! તમારી ઊંધાઈ! છોકરાનું સગપણ વગેરેમાં લાંબો વિચાર કરે, બે વર્ષ પછી 'હોળીનો હારડો' દેવો પડશે એમ આગળથી યાદ કરે, પણ દેવ-ગુરુ-ધર્મને માટે કદી વિચાર કર્યો? તેમનો મહિમા, પ્રભાવના વગેરે માટે કાંઈ કરવાનો ભાવ પણ કદી આવે છે કે માત્ર લુખ્ખી વાતો જ

**ઉપયોગ જો શુભ હોય, સંચય થાય પુણ્ય તણો તહીં,**
**ને પાપસંચય અશુભથી; જ્યાં ઉભય નહિ, સંચય નહીં. ૧૫૬. –શ્રી પ્રવચનસાર**

કરો છો? દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવના, ભક્તિ માટે જેને ઉલ્લાસ નથી આવતો તે વીતરાગનો ભક્ત નથી.

વીતરાગના ભક્ત હોય તેને દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવનાદિ કાર્યોમાં તન-મન-ધન ખર્ચવાના ટાણાં આવે તો ઉલ્લાસથી ઉછળી પડે કે અહો! ધન્ય ટાણાં! ધન્ય આ પ્રસંગ! ધન્ય દેવ-ગુરુ-શાસ્ત્ર! દેવ-ગુરુ-શાસ્ત્રથી અધિક શું છે? મારા હાથે દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના થઈ, ધન્ય જીવન! આમ તન, મન, ધનથી ઉલ્લાસપૂર્વક જે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરતા નથી તેનું જીવન અફળ છે.

કોઈ વીતરાગી દેવ-ગુરુ-ધર્મને માટે તન, મન, ધન ખર્ચે નહીં અને બચાવ કરવા ખાતર કહે કે ભાઈ! વીતરાગનો માર્ગ તો વીતરાગથી જ શોભી રહ્યો છે એમાં અમારું શું ગજું? શાસનના પુણ્ય અલૌકિક છે તેથી જ શાસન શોભી રહ્યું છે. તો તેને કહે છે કે તારા બાયડી-છોકરાં પણ પુણ્યથી જ 'શોભા' પામી રહ્યા છે છતાં તેમાં શા માટે મફતનો મહેનત કરે છે? ત્યાં તો ઉલ્લાસથી બધું કરે છે અને અહીં કોરી વાતો કરવી છે? ભલે, શાસન તો તેના પુણ્યથી નભી જ રહ્યું છે, પણ તું અશુભરાગ ટાળીને શુભભાવ કરને! જો વીતરાગદેવને માનતા હો તો અશુભરાગની દિશા પલટાવીને દેવ, ગુરુ, શાસ્ત્ર માટે ઉલ્લાસપૂર્વક તન-મન-ધન લગાવો. માત્ર કોરી વાતોથી—શુષ્ક વાતોથી—પાંચ અજ્ઞાની આળસુ માણસોની સાથે સંબંધ રાખવા 'પ્રમાદના ગોર' જેવા બનીને બાહ્યજૈની બનવા માગો છો, પણ અંતરના ભાવ વગર સાચું ફળ આવશે નહીં, અને આ અવસર (મનુષ્યદેહ) ચાલ્યો જશે ત્યારે તમે જ પશ્ચાત્તાપ કરવાના છો.

પ્રથમ ગૃહીત મિથ્યાત્વ દશામાં ઊંધી માન્યતાથી કુદેવાદિમાં તન, મન, ધન વગેરે લગાવતા હતા અને હવે સુદેવ-ગુરુ-ધર્મ માટે તેના કરતાં અધિક નથી ખરચતા, તો શું જૈનમતમાં આવવાથી તમારી શક્તિ ઉલટી ઘટી ગઈ? કે કપટ વડે માત્ર લોકોને દેખાડવા જૈની થયા છો? કે તમને ત્રિલોકીનાથ પરમાત્મા અરિહંતનું સાચાપણું—મોટાપણું ભાસ્યું નથી? અથવા તો શું તમને દેવ-ગુરુ-ધર્મની ભક્તિનું કાંઈ ફળ દેખાતું નથી? લ્યો, આટલા પડખા મૂક્યા છે. ક્યાંક પણ જીવ અટક્યો છે, નહિતર દેવ-ગુરુ-ધર્મની ભક્તિ, બહુમાન આવ્યા વગર રહે જ નહીં. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં સત્‌ના નિમિત્તોનું બહુમાન છે ને તેમાં ઊંચા શુભભાવરૂપ મહાન ફળ છે. સંસારના

**જાણે જિનોને જેહ, શ્રદ્ધે સિદ્ધને, અણગારને,**
**જે સાનુકંપ જીવો પ્રતિ, ઉપયોગ છે શુભ તેહને. ૧૫૭.** **–શ્રી પ્રવચનસાર**

કાર્યોનું ફળ ચોરાશીના—નરકાદિ ગતિના—અવતાર છે, અને આ સાચા દેવ-ગુરુની ભક્તિનું શુભફળ આવ્યા વગર રહેશે નહીં.

વળી કાં તો તમને સર્વજ્ઞદેવનું સાચું સ્વરૂપ ભાસ્યું નથી તેથી તમે ઉલ્લાસપૂર્વક ભક્તિ વગેરેમાં તન-મન-ધન લગાવતા નથી. જો તમને સર્વજ્ઞદેવનું સાચાપણું ખરેખર ભાસ્યું હોય તો તમને સ્વયં ઉત્સાહ કેમ થતો નથી? અહો! અમારો અવતાર ધન્ય છે કે અમને દેવ-ગુરુ-ધર્મની ભક્તિ-પ્રભાવનાનો પ્રસંગ પ્રાપ્ત થયો! આ તો અમારું જ કાર્ય છે, ધન્ય! ધન્ય! અમારા હાથમાં આ કાર્ય આવ્યું તે અમારા ધનભાગ્ય છે! આ રીતે સ્વયં ઉત્સાહરૂપ તમે કેમ નથી પ્રવર્તતા? જો દેવ-ગુરુની સાચી પ્રીતિ થઈ હોય તો તે કાર્યોમાં ઉત્સાહથી તન-મન-ધન-કાળ-જ્ઞાન વગેરે લગાવવા જોઈએ.

જો તમને સત્‌ની રુચિ થઈ હોય તો 'સત્‌ની વિશેષ જાહેરાત થાય તો જગતના જીવોને સત્‌નો લાભ થાય' એવી ભાવનાથી યથાર્થ રીતે તમે દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના વગેરેમાં સુખરૂપ કેમ પ્રવર્તતા નથી? અમે તો કહીએ છીએ કે તમને દેવનું સાચાપણું જ ભાસ્યું નથી. અહીં પ્રભાવના વગેરેમાં સુખરૂપ (પોતાના હર્ષથી) પ્રવર્તવાનું કહ્યું છે. કોઈના કહેવાથી, કાયદાથી, નાતના પ્રતિબંધથી ચૂલાવેરો ભરવા વગેરે પ્રકારે પ્રવર્તે તે નહીં, પણ પોતે જ ભક્તિથી દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના વગેરેમાં ઉત્સાહથી પ્રવર્તે.

જેમ રોગીને દવા કરવી ન રુચે તો તેનું મરણ નજીક આવ્યું ભાસે છે, તેમ તમને દેવ-ગુરુ-ધર્મને માટે ઉલ્લાસ નથી આવતો તો તમારું ભવિષ્ય બુરું છે. દેવ-ગુરુ-ધર્મને માટે જે લોભ કરે છે તેના જેવો કપટી બીજો કોઈ નથી. વીતરાગદેવે જેને સ્વીકાર્યા કે 'આ પ્રાણી લાયક છે' તો તેના જેવું ઉત્તમ બીજું શું? અને વીતરાગની વાણીએ જેને નકાર્યા કે 'આ પ્રાણી લાયક નથી' તો તેના જેવો હલકો બીજો કોણ?

જેમ કોઈ કુલટા સ્ત્રી પરપુરુષને પોતાનો ધણી માની તેની ભક્તિ વગેરે કાર્યો કરતી હતી, અને તેને સારું સારું જમાડતી હતી. પછી લાંબે કાળે કોઈ ભાગ્યોદયથી તેને પોતાનો સાચો ધણી મળ્યો ત્યારે પ્રથમ જેવો ઉત્સાહ પરપુરુષ માટે કરતી હતી તેવો ઉત્સાહ પોતાના સાચા ધણી માટે બની શકે છતાં ન કરે, અને પ્રેમરૂપ ન પ્રવર્તે તો તે કુલટા જ છે, તેને તેના સાચા ધણીની પ્રીતિ જ નથી; એવી રીતે તમે પણ પ્રથમ દશામાં મિથ્યાદેવ-ગુરુ માટે તથા ઘરસંસારને માટે રસપૂર્વક કાર્યમાં પ્રવર્તતા હતા. હવે ઘણા

**કુવિચાર-સંગતિ-શ્રવણયુત, વિષયે કષાયે મગ્ન જે,**
**જે ઉગ્ર ને ઉન્માર્ગ પર, ઉપયોગ તેહ અશુભ છે. ૧૫૮. –શ્રી પ્રવચનસાર**

મહાન ભાગ્યે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા, તથા સાચા સ્વામી જિનદેવ કે જેમનાથી સુખ મળે ને જન્મ-મરણના દુઃખ ટળે તેમની પ્રાપ્તિ થઈ છતાં તમે તન-મન-ધનથી તેમની ભક્તિ આદિમાં નથી પ્રવર્તતા તો તમે પણ પેલી કુલટા જેવા જ છો, કુલટાની જેમ તમારામાં મહા ખોટાપણું—મિથ્યાપણું છે. પોતાને ધર્મી કહેવડાવે, વીતરાગના સેવક કહેવડાવે અને વીતરાગદેવના કાર્યો હર્ષથી ન કરે એ તો ભારે ગજબ છે!

ગ્રંથકાર કહે છે કે ભાઈ! તમે વિચાર કરી જુઓ કે આ દોષ તમારામાં છે કે નહિ? અમારે તમને જોરાવરીથી દોષ લગાડવા નથી, પણ તમારા અંતરંગમાં આ જ પ્રમાણે પ્રવૃત્તિ બની રહી હોય તો તમારા ઘેર દોષ અવશ્ય આવશે.

કુદેવ-કુગુરુ છોડીને સાચા દેવ-ગુરુના સંબંધમાં સાચા રસરૂપ—હર્ષપૂર્વક કાર્યો થતાં ધર્મીપણું આવશે, માત્ર કોરી વાતોથી ધર્મીપણું આવશે નહીં. પ્રથમ સાચા દેવ-ગુરુની ભક્તિ, બહુમાન, વિનય એ બધું હોય તો ખરું, પણ કેટલાક તો તેમાં જ ધર્મ માનીને અટકી પડ્યા છે, તે યથાર્થ વસ્તુ સમજતા નથી; અને કેટલાકે જિનદેવની ભક્તિ વગેરે મૂળમાંથી જ ઉડાડી દીધા, તે પણ વાસ્તવિક તત્ત્વ સમજ્યા નથી. પ્રથમ કુદેવ-કુગુરુની માન્યતા છોડીને સાચા દેવ-ગુરુ-ધર્મને માનવાથી અશુભભાવ ઘટીને શુભભાવ વધી જાય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિના શુભ પરિણામ કરે તો તેનું ફળ શુભ આવશે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માને તેને પૂર્વના પાપ હોય તો ઘટી જાય છે અને પુણ્ય વધી જાય છે. અને તે બન્ને રહિત આત્માના સ્વરૂપની ઓળખાણ કરે તો વર્તમાન અપૂર્વ ધર્મ થાય છે.

એ ખાસ ધ્યાનમાં રાખવું કે પુણ્ય-પાપ તથા ધર્મ એ કોઈ પૈસાથી થતા નથી. પૈસા જડ વસ્તુ છે, તેનાથી આત્માનો ધર્મ તો થાય નહિ જ, પરંતુ પૈસાથી પુણ્ય પણ થતું નથી તેમ જ પૈસાથી પાપ પણ થતું નથી. પૈસા આવવા કે જવા તે બધી જડની ક્રિયા છે, તેનો કર્તા જડ છે, આત્મા તેનો કર્તા નથી, અને આત્માને તે જડની ક્રિયાનું ફળ પણ નથી. જડથી ભિન્ન અને પુણ્ય-પાપના વિકારથી પણ ખરેખર જુદા ચૈતન્યસ્વભાવની સાચી ઓળખાણપૂર્વક શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા તે જ ધર્મ છે. અને પૈસા વગેરે તરફની તીવ્ર તૃષ્ણાના પાપભાવને ઘટાડીને તૃષ્ણા ઓછી કરે તો તે ભાવથી પુણ્ય થાય છે. જીવ અશુભભાવ છોડી તૃષ્ણા ઘટાડવાનો ભાવ કરે ત્યારે ધન વગેરે ઉપરનો લોભ મંદ થતાં

**મધ્યસ્થ પરદ્રવ્યે થતો, અશુભોપયોગ રહિત ને**
**શુભમાં અયુક્ત, હું ધ્યાઉં છું નિજ આત્મને જ્ઞાનાત્મને. ૧૫૯.　　　–શ્રી પ્રવચનસાર**


ધન આદિ ખરચાય એવો ઘણે ભાગે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બને છે; તથા પૈસા વગેરે ઉપર તીવ્ર તૃષ્ણા કરે તો તે ભાવથી પાપ થાય છે. આ રીતે આત્માના પરિણામથી જ ધર્મ કે પુણ્ય-પાપ થાય છે. ધર્મ તે આત્માની શુદ્ધ ક્રિયા છે, પુણ્ય-પાપના ભાવ તે આત્માની અશુદ્ધ ક્રિયા છે અને પૈસા વગેરેનું આવવું-જવું તે જડની ક્રિયા છે. આત્માની ક્રિયાનો કર્તા આત્મા છે, જડની ક્રિયાનો કર્તા જડ છે. આત્મા અને જડ બંને જુદા પદાર્થો છે, તેઓ એકબીજાનું કાંઈ કરી શકે નહિ.

આ પ્રમાણે જડ અને ચેતન બંને પદાર્થો જુદા છે તથા તેમના કાર્યો પણ જુદા છે; એટલું સમજ્યા પછી જીવ પોતાના પરિણામ તરફ જુએ છે. પોતાના પરિણામમાં પાપભાવથી બચવા માટે પુણ્યભાવ આવે છે. તે પુણ્યભાવ પણ વિકાર છે, અને તે વિકાર રહિત અવિકારી ભાવ અર્થાત્ આત્માના સ્વરૂપની સાચી સમજણરૂપ ભાવ તે જ ધર્મ છે. એમ ધર્મ અને પુણ્ય વચ્ચે તફાવત છે તે સમજવો જોઈએ. ધર્મનો ઉપાય સાચી સમજણ કરવી તે જ છે, પુણ્ય તે ધર્મનો ઉપાય નથી, કેમકે પુણ્ય તે વિકાર છે અને ધર્મ તો અવિકારી છે. વિકાર કરતાં કરતાં અવિકારીપણું કદી થાય નહિ.

પહેલાં સંસાર તરફના અશુભ પાપભાવને ફેરવીને અને સત્દેવ-ગુરુ-ધર્મને ઓળખીને તે તરફના શુભભાવ કરે ત્યારે જીવ ગૃહીત મિથ્યાત્વથી છૂટે છે. પરંતુ સત્દેવ-ગુરુ-ધર્મ તરફના શુભરાગથી ધર્મ થઈ જતો નથી. દેવ-ગુરુ-ધર્મને ઓળખીને ગૃહીત મિથ્યાત્વ તો જીવે અનંતવાર છોડ્યું, છતાં નિજ આત્માનું સાચું સ્વરૂપ સમજ્યો નહિ અને પુણ્યથી ધર્મ થાય એવી સૂક્ષ્મ મિથ્યા માન્યતા છોડી નહિ તેથી ધર્મ થયો નહિ, અને અનંત સંસારમાં રખડ્યો. પ્રથમ દેવ-ગુરુ-ધર્મને બરાબર ઓળખ્યા પછી, દેવ-ગુરુ-ધર્મથી ભિન્ન અને તે તરફના શુભભાવથી પણ પરમાર્થે જુદા એવા પોતાના આત્માને ઓળખીને તેની શ્રદ્ધા અને સ્થિરતા કરવી તે જ ધર્મ છે અને તેનાથી જ અનંત સંસારનો નાશ થઈ અવિનાશી સુખની પ્રાપ્તિ થાય છે. (સમાપ્ત)

જેને સુખી થવું હોય તેને કહે છે કે શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે સર્વાંગ જ્ઞાનથી ભરેલી છે તેની સન્મુખ થવું તે સુખી થવાનો માર્ગ છે, તે ધર્મ છે. સર્વાંગ જ્ઞાનથી ભરેલી ચૈતન્યવસ્તુમાં રહેતાં શુદ્ધતા થાય છે અને અશુદ્ધતા નાશ થાય છે તેનું નામ પોતાનું હિત એટલે કે કલ્યાણ છે. –પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

હું દેહ નહિ, વાણી ન, મન નહિ, તેમનું કારણ નહીં,<br>
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૧૬૦. –શ્રી પ્રવચનસાર



# પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

## વચનામૃત–૨૨

ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે. તીર્થંકરની વાણી જેવો જોગ છે. વાણી જોરદાર છે. ગમે તેટલી વાર સાંભળીએ તોપણ કંટાળો ન આવે. પોતે જ એટલા રસકસથી બોલે છે કે જેથી સાંભળનારનો રસ પણ જળવાઈ રહે છે, રસબસતી વાણી છે. ૨૨.

આ, બેનનાં વિનય અને નમ્રતાનાં વચન છે. એ સૌએ પોતાની મેળે વાંચી લેવું. બેન તો એક ઠેકાણે ત્યાં સુધી બોલ્યાં છે કે—'આત્મા' શબ્દ બોલતાં શીખ્યાં હોઈએ તો તે પણ અહીંથી (ગુરુદેવના પ્રતાપે) ગજબ છે એમનો વિનય અને નમ્રતા!

## વચનામૃત–૨૩

ઉપલક ઉપલક વાંચન-વિચાર આદિથી કાંઈ ન થાય, અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. જ્ઞાયકનો અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ. ૨૩.

**'ઉપલક ઉપલક વાંચન-વિચાર આદિથી કાંઈ ન થાય, અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય.'**

એ શું કહે છે? દૃષ્ટિમાં દ્રવ્ય ઉપર જોર ન મળે અને ઉપર ઉપરથી આમ વાંચન કરું ને આમ વિચાર કરું વગેરે કર્યા કરે, તેનાથી કાંઈ આત્માનો લાભ ન થાય. અહા! વસ્તુ આખી પરમાત્મસ્વરૂપ જ છે; પર્યાયમાં વ્યક્તરૂપે થાય એવો કારણપરમાત્મા પોતે જ છે. અંદર એના લક્ષ સહિત વાંચન-વિચાર હોય તો કાર્ય આવવાનો અવકાશ છે. પરંતુ અંદર સ્વભાવના લક્ષ વિના ઉપલક ઉપલક વાંચન વિચાર આદિથી કાંઈ ન થાય. અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. અંતરના ભાવમાંથી — ઊંડાણમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. આત્મા અંદર શુદ્ધચૈતન્ય છે. એની, અંદરની રુચિથી ભાવના ઊઠે અને વસ્તુના લક્ષ સહિત વાંચન-વિચાર કરે તો માર્ગ મળે. શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે કે, વાંચન સાચું હોય છતાં જે માન ને પૂજા માટે વાંચે

**મન, વાણી તેમ જ દેહ પુદ્ગલદ્રવ્યરૂપ નિર્દિષ્ટ છે;**
**ને તેહ પુદ્ગલદ્રવ્ય બહુ પરમાણુઓનો પિંડ છે. ૧૬૧. –શ્રી પ્રવચનસાર**

છે તેનું જ્ઞાન ખોટું છે. તેનો હેતુ જગતને રાજી રાખવાનો ને પોતાની વિશેષતા—મોટપ—બતાવવાનો હોય તો તેનું બધું વાંચવું-વિચારવું અજ્ઞાન છે. અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે...; આંતરડી એટલે અંદરની દશા. એમાંથી ભાવના જાગે તો માર્ગ સરળ થાય.

**'જ્ઞાયકનો અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ.'**

અહા! જ્ઞાયક એટલે વસ્તુ, એકલો જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનનો પિંડ. તે ધ્રુવ, સત્, ત્રિકાળ એકરૂપ વસ્તુ છે; એનું અંતઃસ્થળ—અંદરનું સ્થાન—એક જ્ઞાયકભાવ છે. તેનો ખૂબ મહિમા આવવો જોઈએ; ત્યારે તેને આત્મા પ્રાપ્ત થાય. અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન હોય તોપણ અંદરમાંથી તેનો મહિમા ઊડી જવો જોઈએ, અને પૂર્ણાનંદનો નાથ, પૂર્ણ વસ્તુ 'અસ્તિ' છે, તેનો અંદરમાં ખૂબ મહિમા—મોટપ, વિશેષતા, સર્વોત્કૃષ્ટતા આવવી જોઈએ. આ જ્ઞાયકવસ્તુ અસ્તિપણે છે તે કોઈ ચીજ જ અલૌકિક છે, તેનો અંદરમાં ખૂબ મહિમા આવવો જોઈએ. અહા! ઝીણી વાત છે ભાઈ! આ હજી તો સમ્યગ્દર્શન—ધર્મની શરૂઆત—કેમ થાય તેની વાત છે.

**વચનામૃત–૨૪**

આત્માર્થીએ સ્વાધ્યાય કરવો, વિચાર–મનન કરવાં; એ જ આત્માર્થીનો ખોરાક છે. ૨૪.

આત્મા જ જેને પ્રયોજનમાં છે, જેનું પ્રયોજન શુદ્ધ આત્માને સાધવો તે છે, સ્વ-પરને જાણે એવું જ્ઞાયકતત્ત્વ જેનું પ્રયોજન છે એવા આત્માર્થીએ સ્વાધ્યાય કરવો. તે વિકલ્પ છે, પણ આવે. વિચાર-મનન કરવાં એ જ આત્માર્થીનો ખોરાક છે વ્યવહારે. જેમ બે ટંક બરાબર વખતસર ખાધા વિના ચાલતું નથી, તેમ વખતસર વાંચન-મનન કરવાં જોઈએ. એ આત્માર્થીનો ખોરાક છે.

બહારના ક્રિયાકાંડમાં લોકોને રસ લાગી ગયો છે, ને આ અંદરની વસ્તુ રહી ગઈ છે. વસ્તુ શી છે? તેનું સ્વરૂપ કેવું છે? વગેરે પ્રકારે એનું અંદર ઘોલન થવું જોઈએ. વસ્તુસ્વરૂપ સમજ્યા વિના જીવને પાધરો ધર્મ કરવો છે. શું કરવું? પડિમા લઈ લેવી, બહુ તો સાધુ થઈ જાય; બસ, થઈ ગયો ધર્મ. પણ ભાઈ! સમ્યગ્દર્શન વિના પડિમા કે સાધુપણું કેવું? આત્માર્થીનું શ્રવણ-વાંચન-મનન બધું મૂળ આત્મા માટે છે, સમ્યગ્દર્શન પામવા માટે છે.

**હું પૌદ્ગલિક નથી, પુદ્ગલો મેં પિંડરૂપ કર્યાં નથી;**
**તેથી નથી હું દેહ વા તે દેહનો કર્તા નથી. ૧૬૨. –શ્રી પ્રવચનસાર**

# મોક્ષનો ઉપાય–ભગવતી પ્રજ્ઞા

**(૧) મોક્ષનો ઉપાય–ભગવતી પ્રજ્ઞા**

આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે? એમ પૂછવામાં આવતાં તેનો ઉત્તર કહે છે—

જીવ બંધ બન્ને નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,
પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદાં પડી જાય છે. ૨૯૪.

જીવ અને બંધભાવને જુદા કરવા તે આત્માનું કાર્ય છે અને તેનો કરનારો આત્મા છે. મોક્ષ તે આત્માની પવિત્ર દશા છે અને તે દશારૂપે થનાર આત્મા છે. પરંતુ તે – રૂપે થવાનું સાધન શું, ઉપાય શું? તેના ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે આ ભગવતી પ્રજ્ઞા વડે જ આત્માના સ્વભાવને અને બંધભાવને જુદા જાણીને છેદવામાં આવતાં મોક્ષ થાય છે. આત્માનો સ્વભાવ બંધનથી રહિત છે એમ જાણનારું સમ્યગ્જ્ઞાન તે જ બંધ અને આત્માને જુદા પાડવાનું સાધન છે. અહીં 'ભગવતી' વિશેષણ વડે જ સમ્યગ્જ્ઞાનનો આચાર્યદેવે મહિમા કર્યો છે.

**(૨) ચેતક–ચૈત્યપણું**

આત્મા અને બંધના ચોક્કસ લક્ષણો જુદાં છે, તે વડે તેમને જુદા જુદા ઓળખવાં. આત્માને અને બંધને ચેતક-ચેત્ય સંબંધ છે, અર્થાત્ આત્મા જાણનાર-ચેતક છે અને બંધભાવ તેના જ્ઞાનમાં જણાય છે તેથી ચેત્ય છે. બંધભાવમાં ચેતકપણું નથી અને ચેતકપણામાં બંધભાવ નથી. બંધભાવ પોતે કાંઈ જાણતા નથી, પણ આત્મા પોતાના ચેતક-સ્વભાવ વડે જાણે છે. આત્માનો ચેતક-સ્વભાવ હોવાથી અને બંધભાવોનો ચેત્યસ્વભાવ હોવાથી આત્માના જ્ઞાનમાં બંધભાવ જણાય છે ખરા; ત્યાં બંધભાવને જાણતાં અજ્ઞાનીને ભેદજ્ઞાનના અભાવને લીધે જ્ઞાન અને બંધભાવ એક જેવા ભાસે છે. ચેતક-ચેત્યપણાને લીધે તેમને અત્યંત નિકટપણું હોવા છતાં બંનેના લક્ષણ જુદા જુદા છે. 'અત્યંત નિકટ' કહેતાં જ જુદાપણું આવી જાય છે.

ચેતક-ચેત્યપણાને લીધે અત્યંત નિકટપણું હોવાથી આત્મા અને બંધના

**પરમાણુ જે અપ્રદેશ, તેમ પ્રદેશમાત્ર, અશબ્દ છે,**
**તે સ્નિગ્ધ રૂક્ષ બની પ્રદેશદ્વયાદિવત્ત્વ અનુભવે. ૧૬૩.　　–શ્રી પ્રવચનસાર**

ભેદજ્ઞાનના અભાવને લીધે તેમનામાં એકપણાનો વ્યવહાર કરવામાં આવે છે. પરંતુ ભેદજ્ઞાન વડે તે બન્નેનું ભિન્નપણું સ્પષ્ટ જણાય છે. પર્યાયમાં જોતાં બંધ અને જ્ઞાન એકસાથે હોય તેમ દેખાય છે, પરંતુ દ્રવ્યસ્વભાવથી જોતાં બંધ અને જ્ઞાન જુદાં દેખાય છે. જ્ઞાન તો આત્માનો સ્વભાવ છે અને બંધ તે બહાર જતી વિકારી લાગણી છે.

**(૩) બંધભાવ અને જ્ઞાનની ભિન્નતા**

બંધભાવ આત્માની અવસ્થામાં થાય છે, તે કાંઈ પરમાં થતા નથી. તે બંધભાવની લાગણી આત્માના સ્વભાવ સાથે એકમેક હોય તેમ અજ્ઞાનીને લાગે છે. અંતર સ્વરૂપ શું અને બહાર જતી લાગણી શું—તેના સૂક્ષ્મભેદના અભાનને લીધે જ્ઞાનના ઘોલનમાં તે લાગણી જાણે કે એકમેક થઈ જતી હોય તેમ અજ્ઞાનીને દેખાય છે અને તેથી બંધભાવથી જુદું જ્ઞાન તેના અનુભવમાં આવતું નથી અને બંધનો છેદ થતો નથી. જો બંધ અને જ્ઞાનને જુદા જાણે તો જ્ઞાનની એકાગ્રતા વડે બંધનનો છેદ કરે.

રાગ અનેક પ્રકારનો છે અને સ્વભાવ એક પ્રકારનો છે. પ્રજ્ઞા વડે બધાય પ્રકારના રાગથી આત્માને જુદો પાડવો. આ મોક્ષનો ઉપાય છે.

રાગ અને આત્મા જુદા છે એમ કહ્યું : 'જુદા' એટલે શું? આત્મા અહીં અને રાગ તેનાથી દસ ફૂટ દૂર એમ ક્ષેત્રથી જુદાપણું નથી, પરંતુ ભાવથી જુદાપણું છે. રાગાદિ બંધભાવો આત્માની ઉપર ઉપર તરે છે પરંતુ અંદર પ્રવેશતા નથી; એટલે કે ક્ષણિક રાગભાવ હોવા છતાં ત્રિકાળી સ્વભાવ તે રાગરૂપ નથી, તેથી વિકાર તે સ્વભાવની ઉપર તરે છે, એમ કહ્યું છે. વિકાર અને સ્વભાવને ભિન્ન જાણવાથી જ મોક્ષ થાય છે, અને તે માટે પ્રજ્ઞા જ સાધન છે. પ્રજ્ઞા એટલે સમ્યગ્જ્ઞાન.

**(૪) પ્રજ્ઞાછીણી**

સમયસાર—સ્તુતિમાં પણ કહ્યું છે કે :—'તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા' જ્ઞાન એટલે આત્માનો સ્વભાવ અને ઉદય એટલે બંધભાવ. સ્વભાવ અને બંધભાવની બધી સંધિને છેદવા માટે આત્માની પ્રજ્ઞાછીણી તે જ સાધન છે. જ્ઞાન અને રાગ બંને એક પર્યાયમાં વર્તતા હોવા છતાં બંનેના લક્ષણ કદી એક થયા નથી, બંને પોતપોતાના સ્વ-લક્ષણોમાં ભિન્ન-ભિન્ન છે—એમ લક્ષણભેદ વડે તેમને જુદા ઓળખીને તેમની સૂક્ષ્મ અંતઃસંધિમાં પ્રજ્ઞારૂપી છીણીને પટકવાથી તેઓ અવશ્ય જુદા પડે છે.

**એકાંશથી આરંભી જ્યાં અવિભાગ અંશ અનંત છે,**
**સ્નિગ્ધત્વ વા રૂક્ષત્વ એ પરિણામથી પરમાણુને. ૧૬૪. –શ્રી પ્રવચનસાર**

જેમ પત્થરની સાંધને લક્ષમાં લઈને તે સાંધમાં સુરંગ ફોડતાં ફડાક કટકા થઈ જાય છે તેમ અહીં સમ્યગ્જ્ઞાનરૂપી સુરંગ છે તથા આત્મા અને બંધ વચ્ચેની સૂક્ષ્મ સાંધને લક્ષમાં લઈને સાવધાનપણે તેમાં તે સુરંગ પટકવાની છે.—એમ કરવાથી આત્મા અને બંધ જુદા થાય છે.

'સાવધાન થઈને' પટકવાનું કહ્યું છે એટલે કે ગમે તે પ્રકારનો રાગ હોય તે બધો ય મારા જ્ઞાનથી ભિન્ન છે, હું જ્ઞાનસ્વભાવ વડે રાગનો જાણનાર જ છું પણ રાગનો કરનાર નથી—એમ બધી તરફથી ભિન્નપણું જાણીને અર્થાત્ મોહનો અભાવ કરીને જ્ઞાનને આત્મામાં એકાગ્ર કરવું.

'પ્રજ્ઞાછીણી પટકવી' એટલે કાંઈ હાથમાં પકડીને મારવી એમ નથી, પ્રજ્ઞા અને આત્મા કાંઈ જુદા નથી; તીવ્ર પુરુષાર્થ વડે જ્ઞાનને આત્માના સ્વભાવમાં એકાગ્ર કરતાં રાગનું લક્ષ છૂટી જાય છે તે જ પ્રજ્ઞાછીણીનો ઘા છે.

'સૂક્ષ્મ અંતરસંધિમાં પટકવી' એટલે કે શરીર વગેરે પરદ્રવ્યો તો જુદા છે, કર્મો વગેરે પણ જુદા જ છે, પરંતુ પર્યાયમાં જે રાગ-દ્વેષ થાય છે તેઓ સ્થૂળપણે આત્મા સાથે એક જેવા દેખાય છે, પરંતુ તે સ્થૂળદૃષ્ટિ છોડીને સૂક્ષ્મપણે જોતાં આત્માના સ્વભાવને અને રાગને સૂક્ષ્મ ભેદ છે તે જણાય છે. સ્વભાવદૃષ્ટિ વડે જ રાગ અને આત્મા જુદા જણાય છે. તેથી સૂક્ષ્મ અંતરદૃષ્ટિ વડે જ્ઞાન અને રાગનું ભિન્નપણું ઓળખીને, જ્ઞાનમાં એકાગ્ર થતાં રાગ ટળી જાય છે એટલે કે મુક્તિ થાય છે. આ રીતે મોક્ષનો ઉપાય સમ્યગ્જ્ઞાનરૂપી પ્રજ્ઞાછીણી જ છે.

**(૫) જ્ઞાન જ મોક્ષનું સાધન છે**

ત્રિકાળી જ્ઞાતાસ્વભાવ અને વર્તમાન વિકાર વચ્ચે સૂક્ષ્મ અંતરસંધિ જાણીને આત્માની અને બંધની અંતઃસાંધને તોડવાનું જ કહ્યું છે. આત્માને બંધનભાવથી જુદો પાડતાં ન આવડે તો આત્માને શું લાભ? જેણે આત્મા અને બંધ વચ્ચેના ભેદને જાણ્યો નથી તે અજ્ઞાનપણે બંધભાવોને મોક્ષનું કારણ માને છે અને બંધભાવોનો આદર કરી સંસાર જ વધારે છે. તેથી આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય! એક પ્રજ્ઞાછીણી જ મોક્ષનું સાધન છે, આ ભગવતી પ્રજ્ઞા સિવાયના અન્ય કોઈ પણ ભાવો મોક્ષનું સાધન નથી.

(જુઓ અનુસંધાન પેજ નં. ૫ ઉપર)

**હો સ્નિગ્ધ અથવા રૂક્ષ અણુ-પરિણામ, સમ વા વિષમ હો,**
**બંધાય જો ગુણદ્વય અધિક; નહીં બંધ હોય જઘન્યનો. ૧૬૫. —શ્રી પ્રવચનસાર**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—આત્મા પરોક્ષ છે તો કેમ જણાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્મા પ્રત્યક્ષ જ છે. પર્યાય અંતર્મુખ થાય તો આત્મા પ્રત્યક્ષ છે તેમ જણાય છે. બહિર્મુખ પર્યાયવાળાને આત્મા પ્રત્યક્ષ લાગતો નથી–પ્રત્યક્ષ દેખાતો નથી પણ આત્મા પ્રત્યક્ષ જ છે, એની સન્મુખ ઢળીને દેખે તો જણાય છે.

શ્રોતા :—સ્વદ્રવ્ય આદરણીય છે તેમ તેની ભાવનારૂપ નિર્મળ પર્યાય આદરણીય કહેવાય?

ઉત્તર :—હા, રાગ હેય છે તેની અપેક્ષાએ નિર્મળ પર્યાયને આદરણીય કહેવાય અને દ્રવ્યની અપેક્ષાએ પર્યાય તે વ્યવહાર છે તે આશ્રય યોગ્ય ન હોવાથી હેય કહેવાય. ક્ષાયિક પર્યાય દ્રવ્યની અપેક્ષાએ હેય કહેવાય પણ રાગની અપેક્ષાએ ક્ષાયિકભાવને આદરણીય કહેવાય.

પ્રશ્ન :—ઈષ્ટોપદેશમાં આવે છે કે જીવ અને દેહને જુદા જાણવા તે બાર અંગનો સાર છે, એટલે શું?

ઉત્તર :—જીવ અને દેહને–પુદ્‌ગલને જુદા જાણે એટલે વિકાર પણ આત્માના સ્વભાવથી જુદો છે તેમ તેમાં આવી જાય છે. પુદ્‌ગલથી અને વિકારથી ભિન્ન આત્માનો

સ્વભાવ જાણવો–અનુભવવો તે બાર અંગનો સાર છે. બાર અંગમાં આત્માની અનુભૂતિ કરવાનું કહ્યું છે.


પ્રશ્ન :—ભેદવિજ્ઞાન એટલે શું?

ઉત્તર :—આત્મા ઉપયોગસ્વરૂપ છે, રાગાદિ પરભાવોથી તે ભિન્ન છે. એમ ઉપયોગને અને રાગાદિને સર્વપ્રકારે અત્યંત જુદા જાણીને રાગથી ભિન્નપણે અને ઉપયોગમાં એકતાપણે જ્ઞાન પરિણમે તે ભેદવિજ્ઞાન છે.

**ચતુરંશ કો સ્નિગ્ધાણુ સહ દ્વય-અંશમય સ્નિગ્ધાણુનો;**
**પંચાંશી અણુ સહ બંધ થાય ત્ર્યાંશમય રૂક્ષાણુનો. ૧૬૬. –શ્રી પ્રવચનસાર**

## બાળ વિભાગ

## કીધા ભેગું.......... લીધું સમકિત



ચિત્રમાં રાજા રાણી જેવા છે તે બંને, ઋષભદેવ અને શ્રેયાંસકુમારના જીવ છે. બીજા ચાર જીવોમાં સિંહ અને વાંદરાના જીવો પણ છે.

મુનિ કહે છે : હે ભવ્ય! પૂર્વભવના સંસ્કાર વશ અમે તને સમ્યક્ત્વ પમાડવા અહીં આવ્યા છીએ. આજે જ તું સમ્યક્ત્વને ગ્રહણ કર....અત્યારે જ તેનો અવસર છે.

—ને, ઋષભદેવનો જીવ તથા બીજા પાંચે જીવો પણ તરત જ આત્મસ્વરૂપ ઓળખીને સમ્યક્ત્વ ધારણ કરે છે (સિંહ વગેરે) ચારે જીવો ભવિષ્યમાં ઋષભદેવના પુત્રો થયા ને મોક્ષમાં ગયા.

હે ભવ્યો! ઋષભદેવ પ્રભુનું આ દ્રષ્ટાંત આપણને પણ અબઘડી સમ્યક્ત્વ-પ્રાપ્તિની પ્રેરણા આપે છે.

જુઓ તો ખરા....સિંહ અને વાંદરો હળીમળીને કેવા બેઠા છે! બંને જીવો આનંદથી મુનિરાજના દર્શન કરે છે, પગે લાગે છે અને ઉપદેશ સાંભળીને બંનેને જાતિસ્મરણજ્ઞાન થાય છે.

સૌથી ઉપર જે રાજા-રાણી બેઠા છે તે ઋષભદેવ અને શ્રેયાંસકુમારના જીવો છે—અહીં તેમના નામ છે વજ્રજંઘ અને શ્રીમતી.

આ પછીના બીજા ભવે ભોગભૂમિમાં ચારે તીર્યંચો તેમજ રાજા-રાણીના જીવો સમ્યગ્દર્શન પામે છે, ને આઠ ભવ સુધી તેઓ સાથે ને સાથે રહે છે.

છેવટે જ્યારે રાજાનો જીવ ઋષભદેવ તીર્થંકર થાય છે ત્યારે વાંદરો અને સિંહના જીવો તેમના દીકરા થાય છે ને પછી મુનિ થઈને મોક્ષમાં જાય છે : તેમનાં નામ—મહાસેન અને ગુણસેન!

**સ્કંધો પ્રદેશદ્વયાદિયુત, સ્થૂલ-સૂક્ષ્મ ને સાકાર જે,**
**તે પૃથ્વી-વાયુ-તેજ-જળ પરિણામથી નિજ થાય છે. ૧૬૭.** **—શ્રી પ્રવચનસાર**



સિંહ અને વાંદરાની વાર્તામાં કેવી મજા આવી? આ વાર્તા વાંચીને તમે પણ સિંહ અને વાંદરાની જેમ આત્મહિત કરજો.

**સિંહ અને વાંદરાની વાર્તા ઉપરથી પ્રાપ્ત થતો બોધ**

* જેમ મૂરખ સિંહ અને વાંદરો શરીરની છાયાને પોતાની માનીને દુઃખી થયા, તેમ અજ્ઞાની જીવો શરીરને જીવનું માનીને દુઃખી થાય છે.
* જેમ ચાલાક સિંહે ને વાંદરાએ શરીરની છાયાને પોતાથી જુદી જાણી તેથી તેઓ દુઃખી ન થયા; તેમ આપણે દેહથી ભિન્ન આત્માનું સાચું સ્વરૂપ જાણીએ તો આપણે ભવદુઃખમાં ન પડીએ ને સુખી થઈએ.
* રાગ-ક્રોધાદિ પરભાવો પણ ચૈતન્યની છાયા જેવા છે, તે આત્માનું અસલી સ્વરૂપ નથી. ચૈતન્યસ્વરૂપ આત્મા, તે રાગાદિ પર-છાયાથી રહિત હોવા છતાં, તેનાથી સહિત માને છે—તે અજ્ઞાનીને અશુદ્ધ માન્યતા જ સંસારના દુઃખનું બીજ છે. પર ભાવની છાયાથી રહિત શુદ્ધ જીવને અનુભવવો તે મોક્ષસુખની રીત છે.
* છાયા ઉપર તરાપ મારતા સિંહને કાંઈ પ્રાપ્ત ન થયું, તેમ છાયા જેવા બાહ્ય પદાર્થો કે રાગ-ભાવો, તેમાં સુખને માટે ગમે તેટલા ઝાવાં નાખે, તેથી જીવને કાંઈ સુખ મળે નહિ; અંતરની દૃષ્ટિથી ચૈતન્યવસ્તુને ઓળખે તો જ સુખી થાય.
* જેમ વાર્તાનો સિંહ એ જંગલનો રાજા છે તેમ હે જીવ! તું ત્રણલોકમાં મહાન એવો ચૈતન્ય-રાજા છો. સિંહ—રાજા પોતાનું ખરું સ્વરૂપ ભૂલ્યો ને છાયાને સિંહ માની લીધો તેથી તે કૂવામાં પડીને દુઃખી થયો, તેમ ચૈતન્યસ્વરૂપ જીવ-રાજા પોતાનું સ્વરૂપ ભૂલ્યો ને રાગાદિ પરભાવને પોતાનું સ્વરૂપ માન્યું તેથી ભવના કુવામાં પડ્યો.....
* પણ હવે દેહથી ભિન્ન પોતાના ચૈતન્યસ્વરૂપનું જ્યાં ભાન થયું ત્યાં તે સિંહ જેવો પરાક્રમી થઈને કેવળજ્ઞાન અને સિદ્ધપદ પ્રગટ કરે છે, ને ત્રણલોકનો રાજા—પરમાત્મા થાય છે.

ભેદજ્ઞાન વડે જીવ 'સિંહરાજ'માંથી 'સિદ્ધ-રાજ' બની જાય છે; પશુમાંથી પરમાત્મા થઈ જાય છે. માટે ભેદજ્ઞાન કરો.

# SMS સ્પર્ધા-૨૦૧૬

**સૌજન્યકર્તા : લાઠી નિવાસી હાલ બોરીવલી સ્વ. બીપીનભાઈ કનૈયાલાલ ભાયાણીના સ્મરણાર્થે હસ્તે શ્રી સરોજબેન બળવંતરાય ભાયાણી**

(૧) SMS સ્પર્ધા-૨૦૧૬માં ભાગ લેવા માટે ઓછામાં ઓછા ૨૭૫ SMS સ્વહસ્તાક્ષરમાં લખવા આવશ્યક છે. સ્પર્ધાનો સમય ૧-૨-૨૦૧૬ થી ૨૦-૧૨-૨૦૧૬

(૨) ઉપરોક્ત સમય દરમ્યાન મોકલેલા SMS માંથી ૫૦ માર્કસનું એક પ્રશ્નપત્ર કાઢવામાં આવશે. જેના જવાબો સોનગઢમાં ડિસેમ્બર-૨૦૧૬ની શિબિર વખતે પરીક્ષાખંડમાં બેસી લખવાના રહેશે.

(૩) આ સ્પર્ધામાં ભાગ લેનારાઓ માટે બે વિભાગ નક્કી કરવામાં આવેલ છે.

(A) ૧૪ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ :

બાળકો પોતાના વડીલોના મોબાઈલમાંથી SMS લખીને સ્પર્ધામાં ભાગ લઈ શકે છે.

A વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.

પ્રથમ ૨૫૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/- રૂપિયા

(B) ૧૪ વર્ષથી ૩૦ વર્ષની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.

B વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.

પ્રથમ ૨૫૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/-રૂપિયા

પ્રથમ ત્રણ સ્પર્ધકો સિવાય, ૨૭૫ SMS લખી નોટબુક તા. ૨૫-૧૨-૨૦૧૬ સુધીમાં સોનગઢ મોકલનાર (જેમાં ૩૦ વર્ષથી મોટા પણ ભાગ લઈ શકશે.) દરેકને રૂા. ૩૦૦/- નું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે. તથા પ્રશ્નપત્ર લખવા પરીક્ષામાં બેસનાર દરેકને રૂા. ૨૦૦/- નું વધારાનું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.

(૪) તદ્ઉપરાંત ૩૦ વર્ષથી નાના સ્પર્ધકોએ પોતાની SMS બુકને વિશેષરૂપથી સુશોભિત કરી હશે તેમને નીચે મુજબના પુરસ્કાર આપવામાં આવશે.

પ્રથમ ૧૫૦૦/- દ્વિતીય ૧૦૦૦/- તૃતીય ૫૦૦/-રૂપિયા

(૫) SMS સુવિધા શરૂ કરાવવા માટે આપે પોતાના મોબાઈલમાંથી SMS ગુજરાતી ભાષામાં (લીપી અંગ્રેજી) મેળવવા JOIN SDJSMTG અને હિંદી ભાષામાં(લીપી અંગ્રેજી) મેળવવા JOIN SDJSMTH લખી 9220092200 પર SMS કરવો.

SMS સંબંધી માર્ગદર્શન માટે મોબાઈલ નં. 9276867578 પર ફોન કરવો અથવા contact@kanjiswami.org પર ઈ મેઈલ કરવા વિનંતી.

# પંદરમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર સાનંદ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-૧૨-૨૦૧૫ના રોજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા કહાન પુષ્પ પરિવાર આયોજિત પંદરમી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનો મંગલ પ્રારંભ થયો હતો. પંદરમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરના સૌજન્યનો લાભ શ્રી બિપીનચંદ્ર રતીલાલ શાહ પરિવાર, ગાંધીનગરને મળ્યો હતો.

તા. ૨૫-૧૨-૨૦૧૫ના રોજ પૂજ્ય બહેનશ્રીના સમ્યક્ત્વધામ વાંકાનેર તથા વવાણિયાની યાત્રા કર્યા બાદ સૌ શિબિરાર્થી સોનગઢ આવ્યા હતા અને તા. ૨૬-૧૨-૨૦૧૫ના રોજ સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન બાદ પરમાગમમંદિરમાં ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાની અધ્યક્ષતામાં શિબિર સૌજન્યકર્તા દ્વારા દેશ-વિદેશના મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં મંગલદીપ પ્રગટાવી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

બાળકો માટે સવારે દરરોજ સુવર્ણપુરીના વિભિન્ન મંદિરોમાં જિનેન્દ્ર અભિષેક, પૂજાનો કાર્યક્રમ રાખવામાં આવતો હતો. શિબિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, નિયમસાર અને પદ્મનંદી પંચવિંશતિ ઉપર સીડી પ્રવચનો ચાલતા હતા. તદુપરાંત શિબિરમાં પંચસ્તરીય શિક્ષણવર્ગો દિવસમાં ત્રણ કલાક લેવામાં આવતા હતા. આ વર્ગોમાં શ્રી રાજુભાઈ કામદાર, શ્રી રમેશભાઈ મહેતા, શ્રી અતુલભાઈ કામદાર, શ્રી નીતિનભાઈ શેઠ વાંકાનેર, શ્રી કિરીટભાઈ ગોસળીયાએ અધ્યાપન કરાવ્યું હતું. તથા બહેનોમાં બ્ર. આશાબેન, બાળકોમાં બ્ર. કોકિલાબેન-સોનગઢ તથા ભાવિતાબેન-બોરીવલી દ્વારા અધ્યાપન કરાવવામાં આવ્યું હતું. આ શિબિરનો ૨૦૦ બાળકો તથા ૧૦૦ અન્ય મુમુક્ષુઓએ લાભ લીધો હતો. આ શિબિરનો લાભ લેવા માટે સૌરાષ્ટ્ર તેમજ મુંબઈના પાર્લા, બોરીવલી, મલાડ, ઘાટકોપર, દાદર, વસઈ, મુલુંડ, શિવપુરી, અમદાવાદ વગેરે સ્થળોએથી શિબિરાર્થીઓ આવ્યા હતા. બાળકો દ્વારા રાત્રે ક્વીઝ, ધાર્મિક અંતાક્ષરી, નાટિકા, ગીત વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો દરરોજ રાખવામાં આવ્યા હતા. બધા કાર્યક્રમો દરેકને ઘણા જ પસંદ આવ્યા હતા.

આ શિબિર દરમ્યાન શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'જૈન પૌરાણિક લઘુકથા ભાગ-૪' હિન્દી તથા ગુજરાતી પુસ્તકોનું વિમોચન સૌજન્યકર્તા તથા ટ્રસ્ટીગણ દ્વારા કરવામાં આવ્યું હતું. તથા આ શિબિરમાં SMS ની આવેલ નોટબુકોમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય તથા SMS ની પરીક્ષા લઈ તેમાં પણ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામો આપવામાં આવ્યા હતા. આ સ્પર્ધાના સૌજન્યકર્તાનો લાભ શ્રીમતી સરોજબેન બળવંતરાય ભાયાણી હસ્તે ભાવેશ, કલ્પના, નમન તથા નમિતા, બોરીવલીને પ્રાપ્ત થયો હતો.

શ્રી કહાન પુષ્પ પરિવારના કાર્યકર્તાઓ દ્વારા શિબિરાર્થીઓને આવવા-જવાની, યાત્રાની, આવાસની તથા ભોજન વગેરેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. શિબિરમાં પધારેલા લંડન, નાઈરોબીના મહેમાનો તથા દેશવિદેશના જુદા જુદા પ્રાંતોમાંથી આવેલા મહેમાનો તથા બાળકોને શિબિરના દરેક કાર્યક્રમ ખૂબ જ ગમ્યા હતા.

---

* **ફાલ્ગુની નંદીશ્વર-અષ્ટાહ્નિકા :** ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૧૬-૩-૨૦૧૬, બુધવારથી તા. ૨૩-૩-૨૦૧૬, બુધવાર સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા તથા ભક્તિ વગેરે કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

* **પરમાગમમંદિર–પ્રતિષ્ઠાતિથિ :** ફાગણ સુદ ૧૩, સોમવાર, તા. ૨૧-૩-૨૦૧૬ના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૪૪ મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

* **શ્રી સીમંધર-જિનમંદિર-અષ્ટાહ્નિકા-મહોત્સવ :** સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૭૬મો વાર્ષિક અષ્ટાહ્નિક ઉત્સવ તા. ૩-૩-૨૦૧૬, ગુરુવારથી તા. ૧૦-૩-૨૦૧૬, (ફાગણ સુદ ૨) ગુરુવાર સુધી છે. આ ઉત્સવ વીસ વિહરમાનજિન મંડલ વિધાન, જિનેન્દ્રભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ વિભિન્ન કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે. જિનમંદિરમાં સીમંધરાદિ જિનેન્દ્રવૃંદની મંગલ પધરામણીના વાર્ષિકોત્સવને શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવાર દ્વારા તા. ૮-૩-૨૦૧૬, મંગળવાર થી તા. ૧૦-૩-૨૦૧૬, ગુરુવાર સુધી વિશેષ મહોત્સવરૂપે ઊજવવામાં આવશે.

* **શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :** શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો ૩૨મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, શુક્રવાર, તા. ૧૧-૩-૨૦૧૬ થી ફાગણ સુદ ૭, મંગળવાર તા. ૧૫-૩-૨૦૧૬ સુધી આનંદોલ્લાસસહ શ્રી પંચકલ્યાણક વિધાન તથા પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

વાંકાનેરનિવાસી (હાલ બેંગલોર) શ્રી મનહરલાલ પોપટલાલ શેઠ (મનુભાઈ) (ઉ.વ. ૯૪)નું તા. ૨૮-૧૨-૨૦૧૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેમણે પૂજ્ય ગુરુદેવશ્રી પ્રેરિત બેંગલોરના બંને મંદિરમાં અમૂલ્ય યોગદાન આપેલ તથા ઘણા બધા કન્નડ ભાઈઓ તેમના પ્રયાસથી પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બનેલ છે.

જામનગરનિવાસી ચંદનબેન હરિલાલ પૂનાતર (ઉ.વ. ૮૩)નું તા. ૧-૧-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન થયેલ છે તેઓ ૨૫ વર્ષથી સોનગઢ આવતા હતા.

પાલનપુરનિવાસી (હાલ મુંબઈ) શ્રી જગદીશભાઈ ચીમનલાલ મોદી (ઉ.વ. ૮૩)ના દેહનું પરિવર્તન તા. ૭-૧-૨૦૧૬ના રોજ થયેલ છે.

શ્રી રાજેશભાઈ મનહરલાલ દોશી (ઉ.વ. ૫૫)ના દેહનું પરિવર્તન તા. ૧૦-૧-૨૦૧૬ના રોજ થયેલ છે. તેઓ મલાડ મંદિરના સક્રિય કાર્યકર્તા હતા.

## (33)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ પ્રશ્નોના જવાબ જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તર માળા ભાગ-૧-૨ના ત્રીજા અધિકારમાંથી મળશે.

(૧) શરીરને આત્મા માનવો તે .................... મિથ્યાત્વ છે.

(૨) સર્વજ્ઞ ભગવાન અપેક્ષિત ધર્મોને જાણે એ વાક્ય .............. છે.

(૩) પડછાયો અને પ્રતિબિંબ પુદ્ગલ દ્રવ્યના ............. ગુણની .............. પર્યાય છે.

(૪) મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ ................ કારણો છે.

(૫) મન, વચન, કાયના આલંબનથી આત્માના પ્રદેશોનું પરિસ્પંદન થવું તેને ................... કહે છે.

(૬) દૂધમાં છાશ પડવાથી દહીં થાય તે માન્યતા ............... છે.

(૭) સ્ત્રીનું શરીર હોવા છતાં તેને મુનિદશા અને મોક્ષ માનવો તે ................ મિથ્યાત્વ છે.

(૮) બ્રાહ્મીતેલના વપરાશથી કે બદામ વગેરે ખાવાથી બુદ્ધિ વધે તે માન્યતા ................. છે.

(૯) યોગના .............. ભેદ છે.

(૧૦) વસ્ત્ર, પાત્રાદિ સહિતને નિર્ગ્રંથ ગુરુ માનવા તે ................ મિથ્યાત્વ છે.

(૧૧) દુઃખ તે જીવદ્રવ્યના ................ ગુણની આકુળતારૂપ ................. પર્યાય છે.

(૧૨) ચૌદમા ગુણસ્થાન સુધી સર્વ સંસારી જીવોને ................ પર્યાય હોય છે.

(૧૩) સાદિ અનંત સ્વભાવ વ્યંજન પર્યાય અને સાદિ અનંત સ્વભાવ અર્થ પર્યાય ................ ભગવાનને હોય છે.

(૧૪) માટીમાંથી ઘડો ................. ગુણને કારણે થયો છે.

(૧૫) હું પુસ્તક વડે વાંચું છું અને તે વડે મને જ્ઞાન થાય છે તે માન્યતા .............. છે.

(૧૬) પુણ્યથી અર્થાત્ શુભરાગથી તથા નિમિત્તથી ધર્મ માનવો તે ............... મિથ્યાત્વ છે.

(૧૭) તેરમા ગુણસ્થાનવર્તી શ્રી અર્હંતદેવની જે ઉપદેશાત્મક ભાષાવર્ગણા નિકળે છે તેને ................. કહે છે.

(૧૮) કેવળજ્ઞાન તે જીવદ્રવ્યના ............... ગુણની પરિપૂર્ણ .............. પર્યાય છે.

(૧૯) ક્ષેત્રની અપેક્ષાએ દ્રવ્ય-ગુણ-પર્યાય .................... હોય છે.

(૨૦) અર્હંત ભગવાન, સિદ્ધ ભગવાન અને અવ્રતિ સમ્યગ્દષ્ટિનું સમ્યક્‌દર્શન ............. હોય છે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો જાન્યુઆરી-૨૦૧૬ના ઉત્તરો

(૧) ૧૫

(૨) અશુદ્ધ પરિણતિને

(૩) પુદ્‌ગલ—સ્કંધરૂપ

(૪) ઔદારિક, વૈક્રયિક, આહારક, તૈજસ, કાર્મણ

(૫) બંધ

(૬) ૨૨

(૭) ઔદારિક

(૮) ભવ્યત્વ

(૯) ૨—સ્વભાવ અર્થપર્યાય
વિભાવ અર્થપર્યાય

(૧૦) અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા

(૧૧) વિભાવ અર્થ

(૧૨) સ્વભાવ અર્થપર્યાય અને સ્વભાવ વ્યંજન

(૧૩) અનાદિ અનંત

(૧૪) ધારણાજ્ઞાન

(૧૫) તૈજસ અને કાર્માણ

(૧૬) અર્થ

(૧૭) વૈક્રિયિક, તૈજસ, કાર્માણ

(૧૮) સ્વરૂપાચરણ, દેશ, સકલ, યથાખ્યાત

(૧૯) કાર્માણ

(૨૦) સાદિ સાંત

## (33)

# બાળકો માટેના પ્રશ્નોત્તર

(કૌંસમાં આપેલ ત્રણ વિકલ્પમાંથી સાચો ઉત્તર ગોતીને ખાલી જગ્યા ભરો.)

(૧) મોહ અને ક્ષોભ રહિત આત્માના પરિણામ તેને ................ કહે છે.
(દર્શન, જ્ઞાન, ચારિત્ર)

(૨) જેના આધારે કાર્ય કરવામાં આવે તેને ................ કહે છે.
(સંપ્રદાન, અધિકરણ, કરણ)

(૩) છએ દ્રવ્યો તથા તેમના ગુણ-પર્યાયની સ્વતંત્રતાની મર્યાદા ................ ગુણથી છે. (પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, દ્રવ્યત્વ)

(૪) અવસ્થા, દશા એ .................ના બીજા નામ છે. (ગુણ, પર્યાય, દ્રવ્ય)

(૫) જન્મના ............... ભેદ છે. (ત્રણ, ચાર, સાત)

(૬) ઈશ્વરે જગત બનાવ્યું નથી એ .................. ગુણના કારણે કહી શકાય.
(વસ્તુત્વ, પ્રદેશત્વ, અસ્તિત્વ)

(૭) પ્રથમ કામદેવ બાહુબલી .............થી સિદ્ધ થયા છે.
(પોદનપુર, સિદ્ધવરકૂટ, કૈલાસપર્વત)

(૮) ભગવાનની દિવ્યધ્વનિ ............. દ્રવ્યની પર્યાય છે. (જીવ, પુદ્ગલ, કાળ)

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીએ ............. વર્ષની ઉંમરે બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરેલ.
(૨૪, ૧૯, ૨૨)

(૧૦) આહારાદિ સંજ્ઞાઓ કુલ ............. છે. (ચાર, ત્રણ, છ)

(૧૧) આત્માના શુદ્ધભાવનું નિમિત્ત પામીને કર્મનું આવવું સ્વયં અટકવું તેને .............. કહે છે. (સંવર, નિર્જરા, આસ્રવ)

(૧૨) અઢારમા હનુમન્ત કામદેવ ..................થી સિદ્ધ થયા છે.
(પોદનપુર, તુંગીગિરિ, સિદ્ધવરકૂટ)

(૧૩) કલ્પકાળ .......... ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે (૧૦, ૨૦, ૧)

(૧૪) ............ એ જીવનો પ્રતિજીવીગુણ છે. (જીવત્વ, સૂક્ષ્મત્વ, ભવ્યત્વ)

(૧૫) વર્તમાન અવસર્પિણીકાળના અંતિમ નારાયણ ................. થયા હતા.
(શ્રીકૃષ્ણ, લક્ષ્મણ, ત્રિપૃષ્ઠ)

(૧૬) વિમલનાથ ભગવાન સમ્મેદશિખરની ............. ટૂંક ઉપરથી મોક્ષ ગયા છે.
(પ્રભાસ, સુવીર, મોહન)

(૧૭) શ્રી ઋષભદેવને મુનિદશામાં શ્રેયાંસ રાજા દ્વારા પ્રથમ આહારદાન ..................માં આપવામાં આવેલ. (વારાણસી, હસ્તિનાપુર, કંપીલા )

(૧૮) સમય, પલ, ઘડી, દિવસ, મહિના વગેરે કાળદ્રવ્યના પર્યાયોને ................. કહે છે. (વ્યવહારકાળ, નિશ્ચયકાળ, કલ્પકાળ)

(૧૯) ............ ભગવાનના ગર્ભ, જન્મ, તપ અને કેવળજ્ઞાન એ ચાર કલ્યાણકો રાજગૃહી નગરીમાં થયા હતા. (પદ્મપ્રભુ, મુનિસુવ્રતનાથ, વાસુપૂજ્ય)

(૨૦) વેદનીયકર્મના અભાવપૂર્વક ............... ગુણનો શુદ્ધપર્યાય પ્રગટ થાય છે. (અગુરુલઘુ, અવ્યાબાધ, અવગાહનત્વ)।

# બાળકો માટેના આપેલ
# પ્રશ્ન જાન્યુઆરી–૨૦૧૬ના ઉત્તર

(૧) ઉપકરણ
(૨) અવિરતિ
(૩) અશુભોપયોગ
(૪) શોક
(૫) સ્વયંપ્રભસ્વામી
(૬) સમ્યક્દર્શન
(૭) રાજગૃહી
(૮) એક
(૯) મનઃપર્યયજ્ઞાન
(૧૦) વિપર્યય
(૧૧) સ્વસ્તિક
(૧૨) બહિરાત્મા
(૧૩) ઉત્તમ
(૧૪) વિકલત્રય
(૧૫) ૨૪
(૧૬) ઉલ્કાપાત
(૧૭) પુદ્ગલ
(૧૮) સાત
(૧૯) પુરાણ
(૨૦) વૈનયિક

**શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણીની પુત્રી**
**અનુરાધાબેન ડો. કાંતિભાઈ શેઠ પરિવાર, મુંબઈ તથા**
**સમ્યક્ત્વજયંતી મહોત્સવના સ્થાયી પુરસ્કર્તાઓ**

**સમ્યક્ ભાવના સહ અધ્યાત્મ અતિશયતીર્થ સુવર્ણપુરીમાં સાનંદ ઊજવે છે**

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૪મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમ જ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા પર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ‘‘ભાવિ તીર્થંકરદ્રવ્યરૂપ’’ સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૪મી વાર્ષિક ‘સમ્યક્ત્વજયંતી’ આગામી તા. ૨-૪-૨૦૧૬ શનિવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. ‘‘સમ્યક્ત્વ-જયંતીનો આ મંગળ મહોત્સવ તા. ૨૯-૩-૨૦૧૬ મંગળવારથી તા. ૨-૪-૨૦૧૬ શનિવાર—પાંચદિવસ સુધી, શ્રી ‘ચૌસઠઋદ્ધિ મંડળ પૂજન-વિધાન’, પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક સી.ડી. પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોના ભક્તિસભર પ્રવચનો, ધાર્મિક શિક્ષણવર્ગ, વિશેષ ભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ શ્રીમતી અનુરાધાબેન કાંતિભાઈ શેઠ પરિવાર હસ્તે વિજયભાઈ, મિનળબેન, દેવયાનીબેન, સોનલબેન તથા સમ્યક્જયંતી મહોત્સવના સ્થાયી પુરસ્કર્તાઓ દ્વારા અતિ આનંદોલ્લાસ સહ સોનગઢમાં ઉજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ-અવસર પર સમસ્ત મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું અમારૂં ભાવભીનું નિમંત્રણ છે.

નિમંત્રણ પત્રિકા–લેખનવિધિ તા. ૧૦-૩-૨૦૧૬ ગુરુવારે સોનગઢમાં રાખવામાં આવેલ છે.

નિમંત્રક

**અનુરાધાબેન ડૉ. કાંતિભાઈ શેઠ પરિવાર**
**હસ્તે વિજયભાઈ, મીનળબેન દેવયાનીબેન, સોનલબેન તથા**
**સમ્યક્ત્વ જયંતી મહોત્સવના સ્થાયી પુરસ્કર્તાઓના જય–જિનેન્દ્ર**

Posted at Songadh PO
Publish on 1-2-2016
Posted on 1-2-2016

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## સ્વભાવનો મહિમા

જે નિર્મળભાવનો પિંડ છે એવા ચૈતન્યનો જેને મહિમા છે તેને સમ્યગ્દષ્ટિ કહે છે અને તેને દયા-દાન આદિના રાગની ને તેના ફળની મહિમા હોતી નથી. જેને દયા-દાન આદિના રાગની ને તેના અનુકૂળ ફળની મહિમા છે તેને સુખનો સમૂહ, આનંદનો કંદ એવા આત્માની મહિમા નથી આવતી. જેને વ્યવહારરત્નત્રયના શુભરાગની, દેવ-શાસ્ત્ર-ગુરુની અંદરમાં મહિમા વર્તે છે તેને, નિમિત્તનો જેમાં અભાવ, રાગનો જેમાં અભાવ એવા સ્વભાવભાવનો મહિમા નથી, તેથી પર્યાયમાં તેને આનંદ આવતો નથી. જેને શુભભાવથી માંડીને બહારમાં કંઈપણ અધિકતા, આશ્ચર્યતા ને મહિમા (આવે) છે, તેને સમ્યગ્દર્શન થતું નથી.

— પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org